PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.03-08-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

page > 2-3
ડિગ્રી ઇજનેરી કોર્સમાં બીજા રાઉન્ડના પ્રવેશ બાદ ઉદભવેલી સ્થિતિઃ કયા કોર્સની કેટલી બેઠકો

page > 6
જગતે ગાંડા કહેલા વૈજ્ઞાનિકોની કેટલીક અજાણી વાતો

page > 6
ધો.૧૨ બાયોલોજી વિષય બાદ ઉપલબ્ધ ઓપ્ટોમેટ્રી કોર્સ વિશે માહિતી

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-

email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૫૮ ■ વર્ષ : ૧૧ ■ તા.૧ થી ૧૫, ઓગસ્ટ ૨૦૧૭

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

# IAS-IPS બનવું, યુવાઓમાં ટોપ પ્રાયોરિટી

## ૨૦૧૫માં ૯.૪૫ લાખથી વધીને ૨૦૧૬માં ૧૧.૩૫ લાખ ઉમેદવારોએ યુપીએસસીની સિવિલ સર્વિસીઝની પરીક્ષા આપી

સ્માર્ટ સેલેરી સાથેના પેકેજીસની કોર્પોરેટ જોબ્સનો ક્રેઝ આજના યુવાનોમાં સૌથી વધુ છે. પરંતુ તેની સાથે સાથે દેશની સેવા કરવાના ધ્યેય સાથે અનેક યુવાનોનો ઝોંક ઈઅજ જેવી ડ્રીમ જોબ તરફ પણ વધ્યો છે.

એસોચેમના તાજેતરના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આઇ.એ.એશ. બનવું એ લાખો યુવાનોની પહેલી પસંદગી બની ગઇ છે. સત્તાવાર આંકડાઓના આધારે આ પ્રકારના દાવો એસોચેમના અભ્યાસમાં કરાયો છે. જે મુજબ વર્ષ ૨૦૧૫માં ૯.૪૫ લાખની સામે વર્ષ ૨૦૧૬માં ૧૧.૩૫ લાખ એટલે કે બે લાખ જેટલા વધુ ઉમેદવારોએ યુ.પી.એસ.સી.ની સિવિલ સર્વિશીઝની પરીક્ષા આપી હોવાનું જણાવ્યું છે. સિવિલ સર્વિસિસની પરીક્ષા આપનારા ૬૫૦ જેટલા ઉમેદવારોનો એક સર્વે કરાયો હતો અને એસોચેમને જણાવ્યું હતું કે, એક વિશેષ પ્રકારની સત્તા પ્રત્યેનો મોહ, પગારધોરણો અને અન્ય લાભોમાં થયેલા નોંધપાત્ર સુધારા યુવાનોને ઇન્ડિયન સિવિલ સર્વિસિસમાં જોડાવવા આકર્ષિત કરી રહ્યા છે. વહીવટી ક્ષેત્રમાં આઇ.એ.એસ. અધિકારીનો રૂતબો અને માનમોભો પણ જબરજસ્ત હોય છે અને આ સોશિયલ સ્ટેટસ પણ યુવાનોને ઈઅજ બનવા પ્રેરકબળ બની રહે છે. જયારે કે પરંપરાગત ઢબે જોઇએ તો ઇન્ડિયન ફોરેન સર્વિસિસ (આઇ.એફ.એસ.)ની સેવાઓમાં જોડાવવાને યુવાનો બીજા ક્રમની પ્રાથમિકતા આપે છે. તેમનું માનવું છે કે ફોરેન સર્વિસિસ કુલ અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રકારની જોબ છે અને તે વધારે આકર્ષક જણાય છે. તે ઉપરાંત રૂઆબદાર પોલીસની જોબ કરવા અનેક યુવાનો ઇન્ડિયન પોલીસ સર્વિસિસમાં પણ જોડાઇ રહ્યા છે અને તે તેમની ત્રીજા ક્રમની પસંદગી છે, પરંતુ જો યુવાનો આઇ.એ.એસ. ના થઇ શકે તો તેઓ પણ આઇ.પી.એસ. બનવાનું પસંદ કરશે તેમ સર્વેમાં જણાવ્યું હતું. અભ્યાસમાં નોંધવામાં આવ્યું હતું કે ફરી એકવાર દેશમાં સત્તા, પદ અને સામાજિક મોભો અપાવતી નોકરીઓ યુવાનોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. પરંતુ અનેકવાર મુશ્કેલીભર્યા વિસ્તારોમાં નોકરી આવે ત્યારે યુવાનોને સુરક્ષા અને જોખમના સવાલો પણ ઉભા થાય છે. આ મામલે એસોચેમના સેક્રેટરી જનરલ ડી.એસ. રાવતે જણાવ્યું હતું કે, સિવિલ સર્વિસમાં ઉમેદવારોના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં ખાસ કરીને બિહાર અને ઉડીસા જેવા આર્થિક રીતે પ્રમાણમાં પાછળ રહેલા રાજયોના યુવાનોની સંખ્યા વિશેષ જોવા મળે છે. તેની પાછળનું કારણ એવું છે કે, દિલ્હી, ગુજરાત, તમીલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર જેવા અનેક વિકસીત અને સમૃદ્ધ રાજયોના યુવાનો ઉચ્ચ સ્તરની ખાનગી કોર્પોરેટ સેક્ટરની જોબમાં જવાનું પસંદ કરે છે. મોટાભાગના યુવાનો આઇઆઇએમ કે એન્જિનિયરિંગ જેવા ઉચ્ચ અભ્યાસો પૂર્ણ કરીને કોર્પોરેટ જોબ અથવા તો વિદેશમાં વધુ અભ્યાસ કરીને વૈશ્વિક સ્તરે પણ નોકરીઓ મેળવે છે. જો કે, દેશની અનેક નામાંકિત બિઝનેસ સ્કૂલ અને એન્જિનિયરિંગ કોલેજીસના યુવાનો પણ સિવિલ સર્વિસિસ તરફ વળ્યા છે. જેમની મહત્ત્વકાંક્ષા સમાજમાં કંઇક નોંધપાત્ર પ્રદાન આપીને પરિવર્તન આણવાનું હોય છે. સત્તાવાર આંકડાઓ મુજબ વર્ષ ૨૦૧૫માં ૪.૬૫ લાખ અને ૨૦૧૪માં ૪.૫૧ લાખ ઉમેદવારોએ સિવિસ સર્વિસિસ માટેની પ્રીલિમિનરી પરીક્ષા આપી હતી.

# ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની ભરતી કરવાની સત્તા સંચાલકોને સોંપાઇ

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં આચાર્યની નિમણૂકની સત્તા પરત સંચાલકોને સોંપાઈ છે. જેનાથી સંચાલકોમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો છે. અત્યાર સુધી સરકાર દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં સંચાલકોની નિમણૂક કરી મોકલવામાં આવતા હતા અને તેના પગલે સંચાલકો અને સરકાર સામસામે આવી ગઈ હતી. જોકે, હવે સરકારે આચાર્યની નિમણૂકની સત્તા ફરી સંચાલકોના હાથમાં આપી દીધી છે.

આ અંગે ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ અંબુભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, રાજય સરકારે ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની નિમણૂકની સત્તા સંચાલકોને સોંપી દીધી છે. આ માટે સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડી દેવામાં આવ્યો છે. નવી જોગવાઈ અનુસાર રાજય કક્ષાની પસંદગી સમિતિ જે તે સ્કૂલના આચાર્યની ખાલી જગ્યા માટે ઓનલાઈન અરજી મંગાવશે. અરજીઓ પસંદગી સમિતિને મળ્યા બાદ તેમાં મેરિટમાં આવતા પ્રથમ પંદર ઉમેદવારોની યાદી સ્કૂલના સંચાલકોને સોંપાશે અને એક યાદી જે તે વિસ્તારના ડીઈઓને મોકલાશે. ઉમેદવારોની યાદી આવ્યા બાદ સંચાલક ઈન્ટરવ્યૂની તારીખ નક્કી કરશે. ત્યાર બાદ ઈન્ટરવ્યૂ માટેની કમિટી આ પંદર ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. ઈન્ટરવ્યૂ માટેની કમિટીમાં સંચાલક મંડળના બે પ્રતિનિધિ હશે. ઉપરાંત સંચાલક મંડળ નક્કી કરે તે તાલુકા બહારનો કેળવણીકાર સભ્ય હશે. આ ઉપરાંત ડીઈઓ પણ કમિટીમાં મેમ્બર હશે. આ ચાર સભ્યો ઉપરાંત જિલ્લાના સિનિયર એજયુકેશન ઈન્સ્પેક્ટર સભ્ય સચિવ રહેશે. આમ ચાર સભ્યોની કમિટીમાં સંચાલક મંડળના ત્રણ સભ્યો રહેશે અને તે ઈન્ટરવ્યૂ બાદ આચાર્યની પસંદગી કરશે. સમિતિમાં ૩ સભ્યોનું કોરમ હશે તો પણ માન્ય ગણાશે તેવું નક્કી કરાયું છે.

ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પ્રવક્તા પંકજ પટેલે જણાવ્યું હતું કે, સરકારના ૨૦૧૧ના ઠરાવથી સ્કૂલના આચાર્યની ભરતી માટે સંચાલક મંડળની કોઈ પણ ભૂમિકા ન હતી. પરંતુ હવે સરકારે પરિપત્ર કરી ભરતીમાં સંચાલક મંડળના બે પ્રતિનિધિ મુકવાનું નક્કી કર્યુ છે તેને આવકારવામાં આવે છે અને આ નિર્ણયના લીધે સંચાલકોની ભરતીમાં ભુમિકા રહેશે. આચાર્યોની ભરતી માટે કેટલું વેઈટેજ રહેશે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં આચાર્યની ભરતી માટે ૬૦ ટકા ગુણ હેડ ટીચર એપ્ટીટ્યુડ ટેસ્ટના ગણવામાં આવશે. જયારે ૪૦ ટકા ગુણ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને અનુભવના ગણવામાં આવશે. આમ, ૧૦૦ ગુણના આધારે આચાર્યની પસંદગી કરાશે અને ત્યાર બાદ મેરિટના આધારે ઈન્ટરવ્યૂ ગોઠવવામાં આવશે અને ત્યાર બાદ આચાર્યની નિમણૂક કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ભ્રષ્ટાચાર વધશે તેવી આશંકા અગાઉ ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યોની નિમણૂકની સત્તા સંચાલકોને જ આપેલી હતી. પરંતુ તે વખતે કેટલાક સંચાલકો દ્વારા ભ્રષ્ટાચાર કરી આચાર્યોની નિમણૂક અપાતી હતી. જેના પગલે સરકારે આચાર્યોની ભરતીની સત્તા સંચાલકો પાસેથી લઈ લીધી હતી. જોકે, અમુક સંચાલકોના પાપે તમામ સંચાલકોને ભોગવવાનો વારો આવ્યો હતો. જેથી સંચાલકોએ સરકાર સામે બાંયો ચઢાવી હતી. જોકે, હવે ફરી સંચાલકોને આચાર્યોની નિમણૂકની સત્તા સોંપાતા કેટલાક સંચાલકો દ્વારા ભ્રષ્ટાચાર થઈ શકે તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે.

## ઓપરેશન મૂનઃ ૨૦૧૮માં ચંદ્ર પર લહેરાશે ભારતનો ત્રિરંગો

દેશની ધરતીથી આવતા વર્ષે બે મૂન મિશન લોન્ચ કરવામાં આવશે. પહેલું મિશન અંતરિક્ષ એજન્સી ઈસરોના ચંદ્રયાન૨(૨૦૧૮)નું એડવાન્સ વર્ઝન હશે, જેનો હેતુ ચંદ્ર વિષે મહત્તમ જાણકારી મેળવવાનો રહેશે. બીજું મિશન એરોસ્પેસ સ્ટાર્ટઅપ ટીમ ઈન્ડસનું છે, જે ચંદ્રની ધરતી પર ૫૦૦ મીટર ચાલશે અને ત્રિરંગો પણ લહેરાવશે.

ટીમ ઈન્ડસનું આ મિશન ગ્લોબલ લૂનર કોમ્પિટિશનનો ભાગ છે. ટીમ ઈન્ડસમાં મોટા ભાગના યુવા એન્જિનિયર છે, જેનું નેતૃત્વ આઈઆઈટી દિલ્હીમાં ભણેલા રાહુલ નારાયણ કરી રહ્યા છે. આ ગૂગલના લૂનર ગ્લોબલ કોમ્પિટિશન અંતર્ગત કરવામાં આવી રહ્યું છે, જેની પ્રાઈઝ મની લગભગ ૧૯૨ કરોડ રુપિયા છે. આ કોમ્પિટિશનમાં સિલેક્ટ થયેલી ટીમોએ ચંદ્ર પર રોવરને ૫૦૦ મીટર ચલાવવાનું અને પૃથ્વી સુધી તેનો ફોટો મોકલવાના રહેશે. બન્ને મિશન ટેક્નિકલ અને સાયન્ટિફિક રીતે અલગ છે. બન્ને સ્પેસક્રાફટમાં વપરાતો સામાન પણ સંપુર્ણપણ અલગ છે. બન્નેની સરખામણી કરવાનો કોઈ અર્થ નથી.

# પૂરક પરીક્ષામાં પાસ થયેલા અને અગાઉ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ ન લઇ શકેલાને તક અપાશે

ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશની પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા થઇ ચુક્યા છે. બન્ને કેટેગરીમા ૩૦૩૦ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેમ છે. આ સ્થિતિમાં હવે ખાલી પડેલી બેઠકો પર પૂરક પરીક્ષામાં પાસ થયેલા અથવા તો અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ઓફલાઇન રાઉન્ડ કરવામાં આવશે. જેમાં પ્રવેશ ઇચ્છતાં વિદ્યાર્થીઓએ ઓનલાઇન સંમતિ આપ્યા બાદ રૂબરૂમાં પ્રવેશ સમિતિ સમક્ષ ઉપસ્થિત રહીને ખાલી પડેલી બેઠકો પર પ્રવેશ લેવાનો રહેશે. ડિપ્લોમા ઇજનેરીની પ્રવેશ સમિતિ પાસે રહેલા અંદાજે ૫૮ હજાર બેઠકો માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા થઇ ચુક્યા છે. બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ આપેલી ચોઇસના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને રિપોર્ટિંગ કરવા માટે આવતીકાલ સુધીની સમયમર્યાદા અપાઇ છે. કેટલી બેઠકો ભરાઇ છે તેની વિગતો આવતીકાલ સાંજ સુધીમાં પ્રવેશ સમિતિ પાસે પહોંચ્યા બાદ ખાલી બેઠકો અંગેનો નિર્ણય કરાશે. સૂત્રો કહે છે હાલમાં ૨૮ હજાર બેઠકો એવી છે કે જે વિદ્યાર્થીઓને ફાળવવામાં જ આવી નથી. એટલે કે વિદ્યાર્થીઓ પ્રવેશ જ લીધો નથી. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે તેમાંથી હજુ બે હજાર જેટલી બેઠકો ખાલી પડે તેમ છે. આ સ્થિતિમાં ખાલી પડેલી બેઠકોની સંખ્યા ૩૦ હજાર સુધી પહોંચી જાય તેમ છે. આજ રીતે ડિગ્રી ઇજનેરીમાં પણ કુલ ૬૯ હજાર બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવી હતી. જે પૈકી ૨૯ હજાર બેઠકો ખાલી પડી છે. બીજા રાઉન્ડની ફાળવણી બાદ હજુ એક હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી શકયતાં છે. જેથી ડિપ્લોમા અને ડિગ્રી ઇજનેરી મળીને અંદાજે ૬૦ હજારથી વધુ બેઠકો ખાલી પડશે. નિયમ પ્રમાણે આ બેઠકો ભરવાની સત્તા કોલેજોની સોંપી દેવાય છે. પરંતુ તે પહેલા આ ખાલી બેઠકો પર પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉપરાંત જે વિદ્યાર્થીઓ કોઇ કારણોસર પ્રવેશ સમિતિમાં ભાગ લઇ શકયા નથી તેઓ માટે ઓફ લાઇન કાર્યવાહી કરવામાં આવશે. સૂત્રો કહે છે તા.૩જી ઓગસ્ટથી વિદ્યાર્થીઓને ઓનલાઇન સંમતિ આપવાની સૂચના આપવામાં આવશે. જેના આધારે આગામી ૧૦ દિવસોમાં વિદ્યાર્થીઓને રૂબરૂમાં બોલાવીને ખાલી બેઠકો પર પ્રવેશની ફાળવણી કરાશે.

## ડિપ્લોમાડિગ્રી ઇજનેરીની ખાલી બેઠકો પર ઓફ લાઇન પધ્ધતિથી પ્રવેશ અપાશે

# ડિગ્રી એન્જિ.માં ૨ રાઉન્ડ પછી ૨૮,૨૩૬ બેઠક ખાલી

| ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES | | | | | |
|---|---|---|---|---|---|
| BRANCHWISE FILLED STATUS IN BE ROUND - 02 | | | | | |
| Sr. No. | Branch Name | Total | Allotted | Vacant | % Filled |
| 1 | Civil & Infrastructure Engineering | 45 | 45 | 0 | 100 |
| 2 | Hons. in ICT with Minor in Computational Sciences (CS) | 36 | 36 | 0 | 100 |
| 3 | INDUSTRIAL ENGINEERING | 30 | 30 | 0 | 100 |
| 4 | METALLURGICAL AND MATERIALS ENGINEERING | 40 | 40 | 0 | 100 |
| 5 | METALLURGY | 60 | 60 | 0 | 100 |
| 6 | Petrolium Technology | 60 | 60 | 0 | 100 |
| 7 | Plastic Technology | 30 | 30 | 0 | 100 |
| 8 | RUBBER TECHNOLOGY | 30 | 30 | 0 | 100 |
| 9 | TEXTILE PROCESSING ENGG. | 60 | 60 | 0 | 100 |
| 10 | TEXTILE TECHNOLOGY | 135 | 135 | 0 | 100 |
| 11 | WATER MANAGEMENT | 30 | 30 | 0 | 100 |
| 12 | Computer Science & Engineering (Cloud Based Applications) | 30 | 28 | 2 | 93.33333 |
| 13 | POWER ELECTRONICS | 120 | 112 | 8 | 93.33333 |
| 14 | Environmental Science & Technology | 50 | 44 | 6 | 88 |
| 15 | INFORMATION & COMMUNICATION TECHNOLOGY | 428 | 366 | 62 | 85.51402 |
| 16 | PRODUCTION ENGINEERING | 323 | 271 | 52 | 83.90093 |
| 17 | ENVIRONMENTAL ENGINEERING | 315 | 261 | 54 | 82.85714 |
| 18 | Chemical Technology | 50 | 40 | 10 | 80 |
| 19 | BIOMEDICAL ENGINEERING | 248 | 194 | 54 | 78.22581 |
| 20 | FOOD PROCESSING & TECHNOLOGY | 75 | 58 | 17 | 77.33333 |
| 21 | COMPUTER ENGINEERING- Shift 2 | 336 | 256 | 80 | 76.19048 |
| 22 | INSTRUMENTATION & CONTROL ENGG. | 882 | 667 | 215 | 75.62358 |
| 23 | Computer Science & Engineering (Big Data & Analysis) | 45 | 34 | 11 | 75.55556 |
| 24 | CHEMICAL ENGINEERING | 2133 | 1576 | 557 | 73.88654 |
| 25 | INFORMATION TECHNOLOGY | 3870 | 2775 | 1095 | 71.70543 |
| 26 | COMPUTER ENGINEERING | 6753 | 4839 | 1914 | 71.65704 |
| 27 | AEROUNITCAL ENGINEERING | 263 | 182 | 81 | 69.20152 |
| 28 | Computer Science & Engineering (Mobile Applications) | 15 | 10 | 5 | 66.66667 |
| 29 | PLASTIC ENGINEERING | 60 | 39 | 21 | 65 |
| 30 | ELECTRONICS | 165 | 105 | 60 | 63.63636 |
| 31 | COMPUTER SCIENCE & ENGG | 1590 | 1007 | 583 | 63.33333 |
| 32 | MINING ENGINEERING | 180 | 112 | 68 | 62.22222 |
| 33 | ELECTRONICS & COMMUNICATION ENGG. | 4363 | 2171 | 2192 | 49.75934 |
| 34 | COMPUTER SCIENCE & ENGG- Shift 2 | 105 | 47 | 58 | 44.7619 |
| 35 | CIVIL ENGINEERING | 9465 | 4145 | 5320 | 43.79292 |
| 36 | TEXTILE ENGINEERING | 90 | 39 | 51 | 43.33333 |
| 37 | MECHANICAL ENGINEERING | 11675 | 4783 | 6892 | 40.96788 |
| 38 | AUTOMOBILE ENGINEERING | 1994 | 765 | 1229 | 38.3651 |
| 39 | ELECTRICAL ENGINEERING | 7265 | 2658 | 4607 | 36.58637 |
| 40 | Metallurgical Engineering | 55 | 18 | 37 | 32.72727 |
| 41 | MECHATRONICS | 323 | 104 | 219 | 32.19814 |
| 42 | CIVIL ENGINEERING- Shift 2 | 456 | 122 | 334 | 26.75439 |
| 43 | Agriculture Engineering | 157 | 34 | 123 | 21.65605 |
| 44 | Electrical Engineering- Shift 2 | 375 | 81 | 294 | 21.6 |
| 45 | BIO-TECHNOLOGY | 90 | 19 | 71 | 21.11111 |
| 46 | MARINE ENGINEERING | 28 | 4 | 24 | 14.28571 |
| 47 | Nano Technology | 120 | 16 | 104 | 13.33333 |
| 48 | Robotics and Automation | 60 | 8 | 52 | 13.33333 |
| 49 | Mechanical Engineering- Shift 2 | 1695 | 206 | 1489 | 12.15339 |
| 50 | Computer Engineering (Cloud Tech. & Information Security) | 45 | 4 | 41 | 8.888889 |
| 51 | Manufacaturing Engineering | 60 | 5 | 55 | 8.333333 |
| 52 | ELECTRICAL & ELECTRONICS | 90 | 1 | 89 | 1.111111 |

## કેમિકલ બ્રાન્ચ હોટ ફેવરિટ ખાલી બેઠકો માટે હવે ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાની ટૂંકમાં જાહેરાત કરાશે

એડમિશન કમિટી દ્વારા ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે બે રાઉન્ડ પૂરા કરી દેવામાં આવ્યા છે. બીજા રાઉન્ડ પછી જે બેઠકો ખાલી પડશે તેના માટે ત્રીજો રાઉન્ડ ઓનલાઈન નહી પરંતુ ઓફ લાઈન પ્રમાણે કરવામાં આવશે. એટલે કે પ્રવેશ સમિતિ દ્વારા ખાલી પડેલી બેઠકોની વિગતો જાહેર કરવામાં આવશે. જેમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓએ સંમતિ આપવાની રહેશે. જેટલા વિદ્યાર્થીઓ સંમતિ આપી હશે તેઓને મેરિટના આધારે પ્રવેશ સમિતિ ખાતે બોલાવીને કોલેજની ફાળવણી કરવામાં આવશે. બે ઓનલાઈન અને એક ઓફ લાઈન રાઉન્ડ પૂરો થયા બાદ ખાલી પડનેરી બેઠકો ભરવાની સત્તા નિયમ પ્રમાણે કોલેજોને સોંપી દેવામાં આવશે.

### કેમિકલ બ્રાન્ચ હોટ ફેવરિટ :

ડિગ્રી એન્જિ.માં પ્રવેશ માટે છેલ્લા કેટલાય સમયથી આઈ.ટી. અને કોમ્પ્યૂટર બ્રાન્ચ હોટ ફેવરિટ ગણાતી હોય છે. પરંતુ આ વખતે કેમિકલ બ્રાન્ચ વિદ્યાર્થીઓની ફેવરિટ રહી છે. સૌથી વધુ કુલ ૭૪ ટકા વિદ્યાર્થીઓ કેમિકલ બ્રાન્ચમાં પ્રવેશ લીધો ત્યારબાદ કોમ્પ્યૂટર અને આઈ.ટી.માં ૭૨ ટકા વિદ્યાર્થીઓ પ્રવેશ લીધો છે. આમ, પહેલી વખત કેમિકલ ઈજનેરીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. બીજા રાઉન્ડ બાદ ૨૮ હજાર કરતાં વધુ બેઠકો ખાલી પડી છે. બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી બાદ હાલમાં વિદ્યાર્થીઓને ફી ભરવાની સૂચના અપાઈ છે.

## વરસાદના પગલે રદ કરાયેલી ટેટ-૨ની પરીક્ષા હવે ૨૦ ઓગસ્ટે

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૩૦ જુલાઈના રોજ લેવામાં આવનારી ટિચર એલિજિબીલીટી ટેસ્ટ (ટેટ)૨ની પરીક્ષા સમગ્ર રાજયમાં ભારે વરસાદની સ્થિતિના પગલે ઉમેદવારો પરીક્ષા આપવા માટે આવી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી પરીક્ષા મોકુફ રાખવા રજૂઆત થઈ હતી. જેને ધ્યાને લઈને રાજય પરીક્ષા બોર્ડે ટેટરની પરીક્ષા મોકુફ રાખવા નિર્ણય લીધો હતો. હવે રાજયમાં વરસાદની સ્થિતિમાં સુધારો થતાં ટેટરની પરીક્ષા ૨૦ ઓગસ્ટના રોજ લેવાનું નક્કી કર્યુ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાથમિક સ્કૂલોમાં એટલે કે ધોરણ૬થી ૮માં શિક્ષક તથા વિદ્યાસહાયક બનવા માંગતા ઉમેદવારો માટે ટેટરની પરીક્ષા માટે જૂન માસમાં જાહેરનામું બહાર પાડી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવી હતી. અરજીઓ આવ્યા બાદ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો. જે મુજબ રાજયમાં ટેટ-૨ની પરીક્ષા ૩૦ જુલાઈના રોજ બપોરે ૩થી ૫ વાગ્યા દરમિયાન લેવામાં આવનાર હતી. બોર્ડ દ્વારા ૩૦ જુલાઈના રોજ લેવાનારી ટેટરની પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય લીધો હતો. હવે રાજયમાં વરસાદની જોર ઘટતા આગામી દિવસોમાં ટેટ-૨ની પરીક્ષા લઈ શકાય તેમ હોઈ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦ ઓગસ્ટના રોજ ટેટ-૨ની પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે. આ માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા સત્તાવાર જાહેરાત પણ કરી દેવાઈ છે. ટેટ-૨ની પરીક્ષા માટે અગાઉ આપવામાં આવેલા કોલ લેટર માન્ય ગણાશે, તેમાં ઉમેદવારોએ માત્ર તારીખ સુધારી લેવાની રહેશે. આ ઉપરાંત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૩૧ જુલાઈથી ૨૦ ઓગસ્ટ સુધી વેબસાઈટ પર નવા કોલલેટર પણ મુકાશે. વિદ્યાર્થીઓ વેબસાઈટ પરથી તે ડાઉનલોડ કરી શકે છે.

# સી.એ.ના વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ કલાસીસ પર આધાર ન રાખે: આઈસીએઆઈના પ્રેસિડન્ટ

ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના પ્રેસિડન્ટ એમ.દેવરાજાએ અમદાવાદ ખાતે કોન્વોકેશન પછી સી.એ.કરતાં વિદ્યાર્થીઓને સૂચન કરતાં જણાવ્યું હતું કે કોચિંગ કલાસીસ પર નિર્ભર ન રહો. વધુમાં વધુ પ્રેક્ટિકલ નોલેજ મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. સી.એ.ના નવા કોર્સ અંગે તેઓએ કહ્યું કે આગામી નવેમ્બર માસ સુધી સી.એ.નો નવો કોર્સ અમલમાં આવે તેવી કોઈ શકયતા હાલ જોવા મળતી નથી. સી.એ. કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ કોચિંગ કલાસીસ પર આધાર રાખતાં હોય છે. તેમાં પણ પ્રાઈવેટ કોચિંગ કલાસીસમાં જતાં વિદ્યાર્થીઓ માત્ર આ કલાસીસ પર નિર્ભર રહેતા હોય છે. ખરેખર સી.એ. થવું હોય તો કોચિંગ કલાસીસ પર નિર્ભર ન રહેવું જોઈએ. તેના બદલે વિદ્યાર્થીઓએ સી.એ. ઈન્સ્ટિટયૂટમાંથી અપાતા મટીરિયલ્સને કેન્દ્રમાં રાખીને પ્રેક્ટિકલ નોલેજ વધુને વધુ મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. સી.એ.ના નવા કોર્સ અંગે તેઓએ કહ્યું કે હાલ સી.એ.ના નવા ડ્રાફટને મંજૂરી મળી નથી. લો મીનીસ્ટરીની સૂચના પ્રમાણે હવે આગામી ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં ફરીવાર નવો કોર્સ સાર્વજનિક કરવામાં આવશે. વિદ્યાર્થીઓ સહિત તમામ લાગતાવળગતાંઓ આ નવા કોર્સ અંગે પોતાના સૂચના મોકલાવી શકશે. ત્યારબાદ ફરીવાર લો મીનીસ્ટરીમાં નવો ડ્રાફટ મોકલવામાં આવશે. જો તેને મંજૂરી મળશે તો આગામી નવેમ્બરમાં નવો કોર્સ અમલમાં લાવવામાં આવશે. આમ, હજુ છ માસ સુધી સી.એ.માં નવો કોર્સ અમલમાં આવે તેવી કોઈ શકયતા નથી.

## મેડિકલપેરા મેડિકલમાં પ્રવેશ માટે પાંચ પ્રકારના અલગ અલગ મેરિટલિસ્ટ જાહેર

# નીટના આધારિત મેરિટમાં ૧૮૨૨૦નો સમાવેશ

**મેડિકલ-પેરા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા તમામ કોર્સમાં પ્રવેશ માટે ગુરુવારથી મોક રાઉન્ડનું ચોઇસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પહેલી વખત મેડિકલપેરા મેડિકલમાં ઓનલાઇન એડમીશન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત મેડિકલડેન્ટલ સહિતના પાંચ કોર્સમાં નીટના આધારે અને અન્ય છ કોર્સમાં નીટ વગર એટલે કે ધો. ૧૨ના મેરિટના આધારે પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરાયુ છે. જેના લીધે પ્રવેશ સમિતિ દ્વારા કુલ છ પ્રકારના મેરિટલિસ્ટ બહાર પાડવામાં આવ્યા છે. તમામ ૧૧ કોર્સ માટે મોક રાઉન્ડ શરૂ કરવામાં આવ્યુ છે. પરંતુ પ્રવેશ પ્રક્રિયા હાલ માત્ર મેડિકલ-ડેન્ટલ માટે કરવામાં આવી રહી છે. જયારે પેરા મેડિકલ માટે તા.૧૪મી થી કાર્યવાહી શરૂ કરાશે.**

નીટના આધારે મેડિકલ, ડેન્ટલ,આયુર્વેદ, નેચરોપથી અને હોમિયોપેથી એમ, પાંચ કોર્સમાં પ્રવેશ કાર્યવાહી થવાની છે. નીટ ના આધારે થનારા પ્રવેશ માટે હાલ સમિતિ દ્વારા ૧૮૨૨૦ વિદ્યાર્થીઓનું મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં નીટમાં પહેલા ક્રમે સેન્ટ્રલ બોર્ડનો વિદ્યાર્થી યથ વસા આવ્યો છે. જે ઓલ ઇન્ડિયામાં ૨૩માં રેંકમાં છે.

નીટના મેરિટલિસ્ટમાં કુલ ૧૮૨૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં એસ.ટી. કેટેગરીના ૧૧૪૨, એસઇબીસી કેટેગરીના ૬૦૪૫, એસ.સી. કેટેગરીના ૧૪૬૨, એનઆરઆઇ કેટેગરીના ૧૦૯ અને ઓપન કેટેગરીના ૯૬૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. ધો.૧૨ના આધારે ફિઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, નર્સિંગ, ઓર્થોટીક્સ, ઓડીયોલોજી અને એક્યુપેશનલ થેરાપ જેવા કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે. આ પાંચ કોર્સ માટેના જાહેર કરાયેલા મેરિટમાં ૩૧૯૦૯ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે.

ધો.૧૨ના આધારે છ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા માટે જુદા જુદા ચાર પ્રકારના મેરિટલિસ્ટ જાહેર કરાયા છે. ગુજરાત બોર્ડમાં કુલ ૨૯૭૫૬ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં એસ.ટી.કેટેગરીના ૩૪૦૭, એઇબીસી કેટેગરીના ૮૮૭૫, એસ.સી. કેટેગરીના ૨૭૮૫ અને ઓપન કેટેગરીના ૧૩૫૮૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આજ રીતે સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ માટે જાહેર કરાયેલા મેરિટમાં કુલ ૧૭૨૨ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં એસટી. કેટેગરીના ૧૦૧, એસઇબીસી કેટેગરીના ૨૭૫, એસ.સી.કેટેગરીના ૧૪૯ અને ઓપન કેટેગરીના ૯૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. ઇન્ટરનેશનલ બોર્ડના ૧૩૧ વિદ્યાર્થીઓનો મેરિટલિસ્ટમાં સમાવેશ કરાયો છે.

પહેલા રાઉન્ડમાં માત્ર મેડિકલડેન્ટલ માટેની કાર્યવાહી થશે ! પહેલા રાઉન્ડમાં પણ માત્ર મેડિકલડેન્ટલની ૪ હજાર અને નીટના આધારે પ્રવેશની અંદાજે ૭ હજાર બેઠકો માટે ૧૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ મેદાનમાં છે . મોક રાઉન્ડ દરેક કોર્સ માટે થશે પરંતુ કોલેજની ફાળવણી માત્ર બે કોર્સ માટે થશે. જયારે તા.૧૪મીથી બીજા રાઉન્ડની કાર્યવાહી કરવામાં આવશે. ધો.૧૨ સાયન્સના પરિણામના આધારે થનારી કાર્યવાહીમાં છ કોર્સની અંદાજે સાડા સાત હજારથી વધુ બેઠકો માટે ૩૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ મેદાનમાં છે.


## MBA-MCAની ૧૯,૮૧૩ બેઠકો પૈકી ૧૫ હજારથી વધુ બેઠકો ખાલી પડી

એમબીએ અને એમસીએ કોલેજોની ૧૯૮૧૩ બેઠકો માટે શરૂ કરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં પહેલા રાઉન્ડની બાદ હાલમાં ૧૧ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. જેની વિગતો આગામી તા.૨ ઓગસ્ટે જાહેર કરવામાં આવશે . અંદાજે ૨૨ હજાર બેઠકો માટે ૫૬૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યુ હતુ. જેમાંથી પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરીને એમબીએમાં ૩૩૭૨ અને એમસીએમાં ૧૮૭૬ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. આમ, બન્નેના મળીને કુલ ૫૨૪૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જયારે ૨૭૫ જેટલા વિદ્યાર્થીઓને ગેરલાયક ઠેરવાયા છે. વિદ્યાર્થીઓને તા.૧૮મીથી ૨૧મી સુધી ચોઇસ ફિલિંગ કરવાની સૂચના અપાઇ હતી જેના આધારે તા.૨૭મીને ગુરુવારે વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવાઇ છે. એમબીએએમસીએની કુલ બેઠકો પૈકી મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો બાદ કરતાં ૧૯૮૧૩ બેઠકો માટેની કાર્યવાહીમાં ચોઇસ ફિલિંગમાં ૫૦૬૨ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાંથી એમબીએમાં ૨૯૪૫, એમસીએમાં ૫૧૧ અને એમસીએ લેટરલમાં ૧૧૫૪ વિદ્યાર્થીઓને પ્રવેશ સાથે ૪૬૧૧ વિદ્યાર્થીઓને કોલેજ ફાળવી દેવાઇ છે.

## વિજ્ઞાનને 'સરળબનાવનારા પ્રોફેસર યશપાલનું નિધન

# ભાર વિનાના ભણતરની હિમાયતી પ્રો. યશપાલ બાળકને બાળકની ભાષામાં વિજ્ઞાન સમજાવી શકતા હતા

ભાર વિનાના ભણતરની હિમાયત કરનારા યશપાલ બાળકને બાળકની ભાષામાં વિજ્ઞાન સમજાવી શકતા હતા કોસ્મિક કિરણોના તેમના અભ્યાસથી પૂર્વ પીએમ નહેરુ પણ અચંબિત થયા હતા અટપટા વિજ્ઞાનને દેશના સામાન્ય માણસ સુધી લઈ જનારા પ્રોફેસર યશપાલનું મંગળવારે ૯૦ વર્ષની વયે નિધન થયું છે. તેઓ વિજ્ઞાનને એટલી સરળતાથી સમજાવતા હતા કે સામાન્ય લોકો પણ વિજ્ઞાનની ગૂઢ આંટીઘૂંટીની વાતો પણ લોકોને સમજમાં આવી જતી હતી અને તેઓને વિજ્ઞાનમાં રસ પડતો હતો. ભારતમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવાનું કામ તેમણે જે સહજતાથી કર્યું હતું. હજુ ગયા સોમવારે જ પૂર્વ ઈસરો ચીફ યુ આર રાવનું નિધન થયું અને મંગળવારે પ્રોફેસર યશપાલ જેવા વિજ્ઞાનીનું નિધન થતાં દેશને બેવડો આઘાત સહન કરવાનો આવ્યો છે.



દૂરદર્શનના 'ટર્નિંગ પોઇન્ટ કાર્યક્રમમાં વિજ્ઞાનને સામાન્ય લોકોની ભાષામાં એકદમ સરળ રીતે સમજાવનારા પ્રોફેસર યશપાલનું યોગદાન હંમેશા યાદ રહેશે. દેશના વિભાજન અગાઉ ૧૯૨૬માં તેમનો જન્મ ઝંગમાં થયો હતો. હવે એ જગ્યા પાકિસ્તાનમાં છે. તેમનો ઉછેર હરિયાણાના કૈથલમાં થયો હતો. પ્રો. યશપાલે કોસ્મિક કિરણોનાં અભ્યાસમાં તેમણે ઘણું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. વિજ્ઞાન અને સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં યોગદાન બદલ તેમને 'પદ્મ ભૂષણઅને 'પદ્મ વિભૂષણથી સન્માનિત કરાયા હતા. તેઓ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ચાન્સેલર પણ રહી ચૂક્યા હતા. દેશમાં બાળકોને 'ભાર વિનાનું ભણતરઅપાવવામાં તેમનો સિંહફાળો છે. ભારતમાં વિજ્ઞાન ક્ષેત્ર સાથે સંકળાયેલા તેઓ સૌથી મશહૂર વ્યક્તિ હતા. પંડિત નહેરુ સાથે પણ તેમને ગાઢ સંબંધો હતા. પૂર્વ પીએમ નહેરુ તેમનું સન્માન કરતા હતા. આઝાદ ભારતની પ્રથમ પેઢીના જે લોકોએ વિજ્ઞાનના ક્ષેત્રમાં આ દેશને ઓળખ આપી એ લોકોમાં પ્રોફેસર યશપાલનું નામ સૌથી અગ્રીમ હરોળમાં સામેલ છે. વિજ્ઞાન જ નહીં, શિક્ષણના ક્ષેત્રમાં તેમણે જે પ્રયાસો કર્યા હતા તેની પણ ભારે પ્રશંસા થઈ છે. યશપાલે પાંચમા ધોરણ સુધી બાળકોને 'ભાર વિનાનું ભણતરઆપવાની હિમાયત કરી હતી. જયારે ઉચ્ચ શિક્ષણ અંગે પ્રોફેસર યશપાલે જે રિપોર્ટ તૈયાર કર્યો હતો તેને સિમાચિહ્નરૂપ ગણવામાં આવે છે. શિક્ષણ પ્રત્યેના સમર્પણના લીધે જે તેમણે ચંદીગઢની નકલી યુનિવર્સિટીઓ વિરૂદ્ધ કાયદાકીય લડાઇ લડી હતી. વિજ્ઞાનને લોકપ્રિય કરવામાં આપેલાયોગદાનના કારણે યુનેસ્કોએ પણ તેમને સન્માનિત કર્યા હતા. પ્રોફેસર યશપાલ કહેતા કે સાયન્સ આપણા જીવનને એક ધ્યેય આપે છે. તેમણે આપણને સમજાવ્યું કે સાયન્સ કેમ ભણવું જોઈએ. તેમણે કહ્યું હતું કે બ્રહ્માંડમાં જે કંઈ આપણે વિજ્ઞાન દ્વારા જાણ્યું છે, તેમાં આપણી હેસિયત શું છે એ સમજવાનો દૃષ્ટિકોણ વિજ્ઞાન આપણને આપે છે. યશપાલ પાર્ટિકલ ફિઝિક્સના આજીવન વિદ્યાર્થી રહ્યા હતા. પ્રોફેસર યશપાલ પાર્ટિકલ ફિઝિક્સના મહાન વિજ્ઞાની હતા. જયારે દેશ આઝાદ થયો અને ભાભા ઇન્સ્ટિટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચની સ્થાપના થઈ તો યશપાલ તેનો પાયો નાખનારા લોકોમાં સામેલ હતા. તેઓ ગૌરવભેર કહેતા કે હું ત્યાં રિસર્ચ કરું છું. એક દિવસ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ ત્યાં આવ્યા તો યશપાલ તેમને પોતાની લેબ જોવા લઈ ગયા હતા અને બતાવ્યું કે કોસ્મિક કિરણોની ગતિવિધિઓને કેવી રીતે રેકોર્ડ કરી શકાય છે. ત્યારે ખુદ પીએમ નહેરુ પણ બાળકોની જેમ ઉત્સાહિત થઈ ગયા હતા.

## આપણી વિપત્તિ કે દુઃખનું કારણ ભૂતકાળમાં આપણે સ્વયં કરેલું કે છૂપાયેલું કોઇ કર્મ જ હોય છે

કોઈ બાબતની પાછળનું કારણ જાણવાથી તેનું પરિણામ વધુ સારી રીતે સમજાય છે એક નિષ્ણાંત તબીબ પાસે પહોંચેલા સામાન્ય વ્યક્તિએ કહ્યું : આપે લોકોના રોગ મટાડ્યા છે એ હું જાણું છું. મારા દીકરાનો રોગ આ નહીં મટાડો? એ લગભગ આંધળો છે. કેટલાક ડોક્ટરો પાસે સારવાર કરાવ્યા પછી પણ એઓ કંઈ કરી શકે એમ નથી. તેઓ એને યુરોપ કે અમેરિકા લઈ જવાની સલાહ આપે છે, પણ હું શ્રીમંત નથી એટલે મને એ પરવડે નહીં. આપ કાંઈ કરી શકો નહીં? એ અમારું એકનું એક સંતાન છે અને મારી પત્ની વ્યાકુળ થઈ છે.એ નિર્ધન પણ કેળવાયેલો સામાન્ય કોટિનો એક અમલદાર હતો. એના જેના બીજા માણસોની માફક એ સંસ્કૃત ભાષા અને એના સાહિત્યને જાણતો હતો. છોકરાનું અને એમનું દુઃખી થવાનું કર્મ છે. કઈ રીતે એઓ આ દુઃખને (કર્મને) પાત્ર થયા હતા? એવું કર્યું પાપ એમણે આગલા ભવમાં અગર આ ભવની શરૂઆતમાં કર્યું હતું, જેથી એમને આ દુઃખ સહન કરવું પડતું? ભૂતકાળમાં છુપાયેલું કોઈ કર્મ આ વિપત્તિનું કારણ હોવું જોઇએ. આ અંધાપાનું કોઈ વર્તમાન કારણ હોવું જોઇએ. દાક્તરો હજુ એ શોધી શક્યા નહીં હોય. વંશપરંપરાથી તરી આવેલા રોગથી કદાચ એ અંધાપો આવ્યો હશે. જો એનાં સ્થૂળ કારણો દાક્તરો શોધાઈ શકતા ન હોય તો દૂરના ભૂતકાળમાં રહેલું એનું કોઈ અસાધારણ કારણ જાણવાની શી જરૂર છે? કોઈ બાબતનું કારણ જાણવાથી પરિણામ વધારે સારી રીતે સમજાય છે. ભયનું કારણ જાણવાથી માણસ ભયમુક્ત થાય છે. માણસ કારણ જાણવાથી એનું પરિણામ (કાર્ય) તમે સમજી શકશો ત્યારે એ કેવી રીતે રીતે આવ્યું છે. એ જાણી તમે સંતોષ મેળવશો એમ કહેવાતો તમારો ભાવ છે. નહીં વારુ!' ખરેખર, એટલા જ માટે હું જાળવા માગું છું કે ભૂતકાળના કયા કર્મને પરિણામે આ આંધળાપણું આવ્યું છે. એ જાણવાથી મને જરૂર ખૂબ જ સંતોષ થશે. ત્યારે તમને સંતોષ જોઇ છે, સમજ જોઈતી નથી.' પણ એ બંને એક જ નથી? સમજવું એટલે જ સંતોષ મેળવવો. જો સમજવાથી આનંદ ન આવતો હોય તો સમજ પ્રાપ્ત કરવાનો અર્થ શો છે? હકીકત સમજવાથી વિક્ષેપ પણ થાય, એથી આનંદ ન પણ થાય. તમારે સંતોષ જોઇએ છે અને એ જ તમે શોધી રહ્યા છો. તમારા દીકરાની પીડાથી તમે વ્યાકુળ થયા છો અને તમારે સાંત્વન જોઇએ છે. આ સાંત્વનને તમે સમજ કહો છો તેમ સમાજ પ્રાપ્ત કરવા નીકળ્યા નથી પણ સંતોષ મેળવવા નીકળ્યા છો. તમારો વિક્ષેપ શાંત પડે એવો કોઈ રસ્તો શોધવાનો તમારો ઇરાદો છે. આને તમે કારણ જાણવાની ઇચ્છા કહો છો. તમને સાંત્વન મેળવવાની, અવિક્ષિપ્ત રહેવાની પડી છે અને એનો રસ્તો તમે શોઝી રહ્યા છો. આપણે અનેક રીતે - ઇશ્વર, ક્રિયાકાંડ, આદર્શો, દારૂ વગેરેથી શિથિલ (અચેત) બનીએ છીએ. આપણે વિક્ષેપથી દૂર રહેવા માગીએ છીએ. કારણ જાણવાનો પ્રયત્ન પરિસ્થિતિથી દૂર રહેવાની આવી એક છટકબારી છે. વિક્ષેપથી મુક્ત રહેવાનો પ્રયત્ન શા માટે ન કરવો જોઇએ? દુઃખની શા માટે દૂર ન રહેવું જોઇએ? દૂર રહેવાથી દુઃખમુક્ત થવાય છે? કોઈ અપ્રિય બાબતને, કોઈ ભયને તમે ન નીરખો, છતાં ઢાંકણની પાછળ એ બાબત પડેલી જ રહે છે. ખરું ને ? જેનું દમન કરવામાં આવે છે. જેનો પ્રતિકાર કરવામાં આવે છે, તે સમજાતું નથી. સમજાય છે? તમે તમારા બાળકનું દમન કરો કે એને તાલીમબદ્ધ કરો પણ ખરેખર એથી તમે અને સમજતા નથી. વિક્ષેપના દુઃખમાંથી મુક્ત રહેવા તમે એનું કારણ શોધો છો. એ ઇરાદાથી તમે શાધો છો એટલે સ્વાભાવિક છે કે તમે જે શોધો છો તે તમને પ્રાપ્ત થશે. માણસ જયારે દુઃખની ક્રિયાનું નિરીક્ષણ કરે, એના દરેક પાસાની એને જાણ થાય, એની આખી રચના સમજાય, ત્યારે જ દુઃખથી મુક્ત થવાની શક્યતા છે

મારી માતૃભાષા, મારી જવાબદારી : બદલાઈ રહ્યું છે હવે પેરન્ટ્સનું ગુજરાતી માધ્યમ માટેનું વલણ?

# મરાઠી રાજ્યમાં ગુજરાતી ભાષા પ્રત્યેનું વલણ સકારાત્મક રીતે બદલાયું, ગુજરાતમાં ક્યારે બદલાશે?

**અંગ્રેજી માધ્યમની સ્કૂલોને ટક્કર આપે એવી ગુજરાતી માધ્યમની શાળાઓમાં આવી રહેલું પરિવર્તન એ માટે જવાબદાર છે એવું સંચાલકોનું કહેવું છે. હિન્દી મીડિયમ ફિલ્મથી માતૃભાષામાં શિક્ષણનો મુદ્દો ફરી ચર્ચામાં છે ત્યારે જાણીએ ‘આપણા દેશમાં અંગ્રેજી ભાષા નથી પણ એક ક્લાસ છે અને એ ક્લાસમાં સામેલ થવા માટે એક સારી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ભણવું જરૂરી છે. ઈન્ડિયા ઈઝ ઈંગ્લિશ અને ઈંગ્લિશ ઈઝ ઈન્ડિયા. જેણે ‘હિન્દી મીડિયમ ફિલ્મ જોઈ હશે તેને આ ડાયલૉગ સમજાઈ જશે અને જેણે નથી જોઈ તે હવે આ લેખ વાંચશે ત્યારે સમજી જશે. ‘ગુજરાતી માધ્યમની શાળાની આજએ આમ તો આપણા આજના લેખનો વિષય છે, પણ એની શરૂઆત કરતાં પહેલાં એક શુભ સમાચાર જાણી લો કે ‘એ ગ્રેડની ફૅસિલિટી આપતી મહારાષ્ટ્ર-મુંબઈની કેટલીક ગુજરાતી શાળાઓમાં છેલ્લા કેટલાક અરસામાં વિદ્યાર્થીઓની સંખ્યા સુધરી છે. વધી છે એવું કહેવું અતિશયોક્તિ ગણાશે પણ અલબત્ત ઘટી નથી એ સારી નિશાની છે. એથીયે વધુ સારી બાબત એ છે કે વાલીઓના ગુજરાતી માધ્યમની શાળાઓ પ્રત્યેના અભિગમમાં બદલાવ આવી રહ્યો છે. હવે પેરન્ટ્સને સમજાઈ રહ્યું છે કે ગુજરાતી માધ્યમમાં શિક્ષણ એ તેમના બાળકને પછાત નહીં પણ અન્ય બાળકો કરતાં મુઠ્ઠીચેરું બનાવશે. પેરન્ટ્સના બદલાઈ રહેલા આ અભિગમ પાછળ ગુજરાતી માધ્યમની શાળાના સંચાલકોએ પોતાની શાળાના શિક્ષણમાં ઉમેરેલી આધુનિકતા જવાબદાર છે. મુંબઈમાં કુલ પંચાવન ગુજરાતી શાળાઓ છે જેમાંથી અમુક શાળાનું ભવિષ્ય ચોક્કસ અત્યારે અધ્ધરતાલ છે, પરંતુ કેટલીક એવી પણ શાળાઓ છે જેમની બહેતર સ્થિતિએ લોકોમાં આત્મવિશ્વાસ જગાવવાનું કામ કર્યું છે. બાળકોના ઓવરઑલ ડેવલપમેન્ટ પર ધ્યાન આપતી આ શાળાઓની ખૂબી એ છે કે એ તમામ સંજોગોમાં વિદ્યાર્થીઓના સવાર્ંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એવી મુખ્ય પાંચ શાળાઓના હાલચાલ જાણીએ.**

## સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલય, કાંદિવલી

ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ ન થાય અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળે અને સાથે સંસ્કારી સમાજની રચના થાય એ લક્ષ્ય સાથે પારાવાર પ્રયાસ કરનારા આ મૅનેજમેન્ટે પોતાની ગુજરાતી માધ્યમની શાળાને આધુનિકતાના દરેક રંગથી રંગવાના પ્રયત્ન કર્યા છે. ટેક્નિકલ સેક્શન અને નજીકમાં જ વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલની વ્યવસ્થાને કારણે મુંબઈની બહારના અનેક ગુજરાતી વિદ્યાર્થીઓ માટે પણ આ શાળા પોતાના સપનાનું વાસ્તવિક ધામ બની શક્યું છે. આ વિશે શાળાનાં પ્રિન્સિપાલ ડૉ. સંગીતા શ્રીવાસ્તવ કહે છે, ‘૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ બાળાશ્રમમાં રહે છે અને અમારી સ્કૂલમાં ભણે છે. દરેક ક્લાસરૂમ ડિજિટલ ક્લાસરૂમ છે, કમ્પ્યુટરલૅબ છે, મોટી લાઈબ્રેરી છે. બાળકો વાચંતાં શીખે એટલે અમે ઓપન લાઈબ્રેરીનો કન્સેપ્ટ શરૂ કયોર્ છે જેમાં ક્લાસરૂમની બહાર નાનકડી રૅકમાં નાનીનાની પુસ્તિકાઓ દરેક મુખ્ય ભાષામાં હોય. રિસેસમાં કે ફ્રી પિરિયડમાં વિદ્યાર્થીઓ વાંચે અને પછી મૂકી દે. માત્ર ઍક્ટિંગ, ડાન્સિંગ કે સિન્ગિંગ જ નહીં, ક્રીએટિવ રાઈટિંગની ટ્રેઈનિંગ પણ બાળકો માટે રાખી છે જેને માટે મૅનેજમેન્ટે સ્પેશ્યલ શિક્ષક રાખ્યા છે. જે બાળકો બિહેવ્યરલ પ્રૉબ્લેમ કે લર્નિંગ ડિસેબિલિટી ધરાવે છે તેમને બહેતર બનાવવા માટે કાઉન્સેલર છે. અંગ્રેજી સતેજ બનાવવા માટે ભાષા બોલવાના ક્લાસિસની સાથે ન્યુઝપેપરરીડિંગ, અંગ્રેજી પ્લે પર્ફોર્મન્સ જેવી ઍક્ટિવિટી પણ કરીએ છીએ. સ્કૂલનું પોતાનું બૅન્ડ છે, લેજીમ ગ્રુપ છે, મલ્લખંબ કરનારાં બાળકો છે. આર્થિક રીતે નબળાં બાળકોને વધુ ભણવા માટે પણ મૅનેજમેન્ટ દ્વારા સ્કૉલરશિપ અપાય છે. આર્થિક રીતે નબળા હોય કે માનસિક રીતે નબળા હોય અથવા સામાજિક રીતે નબળા હોય એવા વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ખીલવીને અમે તેમને એક બહેતર વ્યક્તિ બનાવવાના પ્રયાસ કરીએ છીએ અને જે રીતે આ વિદ્યાર્થીઓ જુદાજુદા ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે એ આ પ્રયાસમાંથી મળેલું ફળ છે.

## જયોત્સ્ના ધીરજલાલ તલકચંદ હાઈ સ્કૂલ, મલાડ

મલાડના કુરાર વિલેજમાં આ એ શાળા છે જયાં ગુજરાતી માધ્યમનાં બાળકો કમ્પ્યુટરલૅબમાં બેસીને કેમિસ્ટ્રીના પ્રયોગ કરતાં જોવા મળે અને પછી પોતાની જાતે સ્કૂલની સાધન-સામગ્રીથી સંપન્ન લૅબમાં અખતરાઓ કરે. અહીં બાળકો પોતાની સ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં મલ્લખંબ કરતાં પણ જોવા મળે તો સ્કેટિંગ અને વૉલીબૉલ રમતા નવા રેકૉર્ડ કાયમ કરતાં પણ દેખાય. અંગ્રેજી માધ્યમ ભલે નથી પણ અંગ્રેજીનો દ્રોહ પણ આ શાળાએ કયોર્ નથી. જે ભવિષ્યના વિકાસ માટે જરૂરી છે એ હોવું પણ જોઈએ એવું શાળાના સંચાલકો દૃઢતાથી માને છે જે તેમની કાર્યપ્રણાલીમાં દેખાય છે. આ વિશે વધુ વાત કરતાં સ્કૂલના પ્રિન્સિપાલ વિનોદચંદ્ર ચૌધરી કહે છે, ‘અમે વેકેશનમાં સ્કૂલનાં બાળકોને અંગ્રેજી બોલતાં શીખવીએ છીએ. નવમા અને દસમા ધોરણના વિદ્યાર્થીઓ માટે દર મહિને એક સેમિનાર રાખીએ છીએ જેમાં જુદાજુદા ક્ષેત્ર વિશે માહિતી હોય. કારકિર્દીને લગતી ઍપ્ટિટ્યુડ ટેસ્ટ પણ વિદ્યાર્થીઓ આપી શકે એ વ્યવસ્થા છે. સ્કૂલમાં કાઉન્સેલર પણ છે જે વિદ્યાર્થીઓના સાઈકોલૉજિકલ અને બિહેવ્યરલ પ્રૉબ્લેમને દૂર કરવા માટે મદદ કરે. દરેક બાળકો કમ્પ્યુટરને વ્યક્તિગત વાપરી શકે એવી સ્પેશ્યલ લૅબ છે. ઍડ્વાન્સ સાયન્સ લૅબ અને લાઈબ્રેરી છે. શાળાનો પોતાનો ઍસેમ્બ્લી હૉલ છે અને બાળકોને નાટક, સંગીત, નૃત્ય શીખવા મળે તથા પર્ફોર્મન્સ આપવા મળે એ માટેનું પ્લૅટફૉર્મ પણ પૂરું પાડી શકાય એવી વ્યવસ્થા અમે કરી છે. ગુજરાતી માધ્યમ માટેના વાલીઓના અભિગમમાં બેશક બદલાવ પર બદલાવ દેખાઈ રહ્યા છે. આજે જયારે તેઓ જુએ છે કે ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓ ક્યાંના ક્યાં પહોંચ્યા છે ત્યારે તેમને પણ આકર્ષણ તો થાય છે. આજે મુંબઈનાં પોણા ભાગનાં બાળકો ધારો કે અંગ્રેજી માધ્યમમાં ભણતાં હશે એટલે એવું નથી કહેતો કે એમાં ભણવાથી તેઓ પાછળ જ રહી જશે, પરંતુ એટલું ચોક્કસ છે કે માતૃભાષામાં મળતું શિક્ષણ અને સંસ્કરણ બાળકોને ઈન્ટેલિજન્ટ અને સ્માર્ટની સાથે સંસ્કારી તથા નમ્ર પણ બનાવે છે.

## શ્રીમતી ગોકળીબાઈ પૂનમચંદ પીતાંબર હાઈ સ્કૂલ, વિલે પાર્લે

૧૯૩૪માં શરૂ થયેલી આ સ્કૂલનો દબદબો આજે પણ અકબંધ રહ્યો છે અને સંચાલકોએ બદલાતા સમય સાથે શિક્ષણસંસ્થાનોનો વ્યાપ વધાર્યા પછી પણ આ સ્કૂલની રોનકને આંચ નથી આવવા દીધી. એક ઈન્ટરનૅશનલ બોર્ડ ધરાવતી હાઈફાઈ સ્કૂલમાં જે સુવિધાઓ હોય એનાથી વિશેષ સુવિધા આ શાળાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. સ્કૂલના વાતાવરણથી લઈને શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓને આપવામાં આવતા લાભ, તેઓ સ્કૂલ પતી ગયા પછી પણ જમાના સાથે તાલ મિલાવી શકે એ પ્રકારની તાલીમ આપવા માટેની કટિબદ્ધતા તમને દેખાશે. સ્કૂલનાં પ્રિન્સિપાલ ધર્મિષ્ઠા ઘેડિયા કહે છે, ‘૮૨ વર્ષ જૂની શાળા છે, પણ દરેક અદ્યતન બાબત શાળાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત સ્કૂલયુનિફૉર્મ, સ્કૂલબૅગ્સ, નોટબુક્સ, ટેક્સ્ટબુક બધું જ સ્કૂલ દ્વારા આપવામાં આવે છે. ટેક્સ્ટબુક સિવાય એકેય વસ્તુમાં સરકારની ગ્રાન્ટ નથી મળતી, પણ બાળકો ભણે અને આર્થિક રીતે નબળાં બાળકોને પણ અભ્યાસમાં બાંધછોડ ન કરવી પડે એ નીતિ હંમેશાં મૅનેજમેન્ટની રહી છે અને એ માટે બનતી મદદ પણ તેઓ કરતા રહે છે. સ્કૂલમાં લૅન્ગ્વેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ઈન ઈંગ્લિશ ચાલે છે જેમાં માત્ર સ્ટુડન્ટ્સ માટે નહીં, શિક્ષકો માટેના તાલીમસેમિનાર પણ હોય છે જેથી અપટુડેટ નૉલેજ બાળકોને મળે.

અહીં ઉલ્લેખનીય છે કે ગણિત અને વિજ્ઞાન આ શાળામાં અંગ્રેજીમાં છે જેથી ભવિષ્યમાં એન્જિનિયરિંગ, મેડિકલ જેવું ફીલ્ડ પસંદ કરવાની ઈચ્છા રાખતાં બાળકો પણ એ વિષયની વિશિષ્ટ ટર્મિનૉલૉજીથી પરિચિત હોય. સ્પોર્ટ્સની ટ્રેઈનિંગ માટે આંતરરાષ્ટ્રીય સ્તરના ટ્રેઈનર પણ રાખ્યા છે.

## શ્રી વાડીલાલ ચત્રભુજ ગુરુકુળ શાળા, ઘાટકોપર

ઘાટકોપરની આ સ્કૂલનું આ વર્ષ છોડીને છેલ્લાં ત્રણ વર્ષથી દસમાનું પરિણામ સો ટકા આવતું હતું. સેકન્ડરી સેક્શનમાં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી આ સ્કૂલ પણ વિદ્યાર્થીઓના અપલિફટમેન્ટ માટે સતત સક્રિય છે. અહીં સ્કૂલના યુનિફૉર્મથી લઈને ટેક્સ્ટબુક, શૂઝ, કમ્પાસ બધું જ ફ્રી છે. સ્કૂલનાં પ્રિન્સિપાલ નીલા મહેર કહે છે, ‘સ્કૂલના મૅનેજમેન્ટે આધુનિક સમયમાં અનિવાર્ય એવા તમામ પ્રકારના ફેરફાર કરીને ગુજરાતી માધ્યમને પછાત ન રાખવાના પૂરતા પ્રયત્નો કર્યા છે. ટ્યુશન કરી શકે એવી આર્થિક સ્થિતિ ન ધરાવતાં બાળકો માટે અંગ્રેજી અને એ સિવાયના વિષયમાં કોઈ મૂંઝવણ હોય તો એ દૂર કરવા અમારા શિક્ષકો રોજ એક કલાક વહેલા આવી જાય છે. હવે બાયોમીડિયા શરૂ કર્યું છે. વિદ્યાર્થીઓ અને ટીચર બન્નેને અનિવાર્ય ટ્રેઈનિંગ મળી રહે એ માટે બહાર મોકલવા માટેનો ખર્ચ સંચાલકો ઉપાડે છે.

બધી જ વ્યવસ્થાઓ પછી પણ લોકોની માનસિકતા બદલવામાં સમય લાગશે એવું માનતાં નીલા મહેર કહે છે, ‘સમયનું ચક્ર ફરતું રહે છે. અંગ્રેજી માધ્યમની મર્યાદાઓ હવે લોકોના ધ્યાનમાં આવી રહી છે એટલે ફરી લોકો ગુજરાતી માધ્યમની સ્કૂલો તરફ વળશે જ. પ્રોસેસ શરૂ તો થઈ જ ગઈ છે.

## શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યા શાળા (રત્નચિંતામણિ), ઘાટકોપર

૧૯૨૪માં સ્થપાયેલી આ શાળા આજે પણ ગુજરાતી માધ્યમની એક જાજરમાન સ્કૂલ તરીકે સક્રિય છે. અંગ્રેજી માધ્યમના ક્રેઝના ગ્રહણથી પોતાનું રક્ષણ કરવામાં થોડાક અંશે આ સ્કૂલના સંચાલકોને સફળતા મળી છે. પ્રાઈમરી અને સેકન્ડરી સેક્શન મળીને લગભગ ૯૫૦ વિદ્યાર્થિનીઓ આ સ્કૂલમાં આજે શિક્ષણ લઈ રહ્યા છે. અહીં હાઈજીનિક ઍટ્મોસ્ફિયરથી લઈને કન્યાઓ માટે સ્પોર્ટ્સ, કમ્પ્યુટર, ઈલર્નિંગના ક્લાસ વગેરે છે. હવે સ્કૂલ દ્વારા બાયોમીડિયા શરૂ થયું છે એટલે પાંચમા ધોરણથી સાયન્સ અને મૅથ્સ અંગ્રેજીમાં શીખવવામાં આવે છે. સુસંસ્કૃત નારી, જગત કલ્યાણકારીના ધ્યેય સાથે કાર્યરત આ સ્કૂલનાં પ્રિન્સિપાલ નંદા ઠક્કર કહે છે, ‘દીકરીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને શ્રેષ્ઠ સમાજની રચના સંભવ છે. આ એક જ વિચારને ધ્યાનમાં રાખીને સંચાલકો અને સ્કૂલની ભૂતપૂર્વ સ્ટુડન્ટ્સ વિદ્યાર્થિનીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળે એ માટે તન, મન, ધનથી પ્રયત્નશીલ છે. સ્કૂલના સ્ટાફના સભ્યો પણ આત્મીયતા અને ઉષ્મા સાથે શિક્ષણ આપવા માટે ફેમસ છે. સુવિધાઓની સાથે અંગ્રેજીમાં તેમનો પાયો મજબૂત થાય એવા પ્રયત્નો કર્યા છે. મેં જોયું છે કે અમારે ત્યાં જે વર્ગના વિદ્યાર્થીઓ આવે છે એ પરિવારોમાં ત્રણચાર બાળકો હોય છે. એમાંથી દીકરી હોય તેમને માતાપિતા ગુજરાતી માધ્યમમાં મૂકે છે અને દીકરાને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે.

સ્કૂલમાં આર્થિક રીતે નબળા પરિવારનાં બાળકોની સંખ્યા વધુ છે. વિદ્યાર્થિનીઓના શિક્ષણ માટે પેરન્ટ્સ અનૂકૂળ માહોલ આપે અને વધુમાં વધુ હાજરી એ લોકો આપી શકે એટલે સ્કૂલ દ્વારા સૌથી વધુ સારી હાજરી આપનારાં ગરીબ બાળકોના પરિવારને ૫૦૦ રૂપિયાનું અનાજ પણ આપવામાં આવે છે. બેશક, વિદ્યાર્થિનીઓની સંખ્યા વધુ અને ફન્ડ ઓછું હોવાથી બધાને પહોંચી નથી વળાતું, પરંતુ સ્કૂલ પ્રયત્નશીલ છે.

## માતૃછાયા હાઈ સ્કૂલ ઍન્ડ જુનિયર કૉલેજ, દહિસર

૧૯૮૧થી ચાલતી દહિસરની આ સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં પ્રાઈમરી અને સેકન્ડરી મળીને અત્યારે લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. ૨૭ વર્ષથી શાળા સાથે સંકલાયેલાં પ્રિન્સિપાલ સંગીતા ભટ્ટ કહે છે, ‘છેલ્લાં ૧૦ વર્ષની તુલના કરીએ તો વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે, પરંતુ છેલ્લાં બે વર્ષમાં આ સંખ્યા સ્ટેબલ જોવા મળી છે. હું મારા અનુભવો પરથી એને પૉઝિટિવ સાઈન ગણું છું. આ વર્ષે પણ ઍડ્મિશનપ્રોસેસમાં ઘણા નવા વાલીઓએ સંપર્ક કયોર્ છે અને પોતાનાં સંતાનોને ગુજરાતી મીડિયમમાં ભણાવવા વિશે જાણકારી લેવાની કોશિશ કરી છે. અત્યારે જયારે અંગ્રેજી માધ્યમમાં જ બાળક ભણે એવું દરેક માબાપના મગજમાં પૂરેપૂરી રીતે ઠસી ગયું છે ત્યારે અમે ગુજરાતી છીએ એટલે હું ગુજરાતી માધ્યમમાં ભણાવવાનું વિચારું છું એવું કોઈ પેરન્ટ બોલે તો એ પણ મોટી વાત છે અને કમાલની વાત એ છે કે આજકાલના પેરન્ટ્સ આવું બોલી રહ્યા છે.

આ શાળાની ફૅસિલિટી વિશે વાત કરીએ તો આ શાળામાં પહેલા ધોરણથી જ પ્રત્યેક ક્લાસમાં ડિજિટલ એજ્યુકેશન મળે એ માટે પ્રોજેક્ટરની વ્યવસ્થા છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓને બેસવાના ક્લાસરૂમથી લઈને પીવાના પાણી અને બાથરૂમ પણ હાઈજીનિક હોય તેમ જ બાળકોને પૂરેપૂરી ટ્રેઈનિંગ દરેક ફીલ્ડમાં મળે એ માટેની વ્યવસ્થા પણ સ્કૂલના મૅનેજમેન્ટે રાખી છે. અંગ્રેજી બોલવાના વિશિષ્ટ ક્લાસ ચાલે છે. સ્પોર્ટ્સ અને બીજી એક્સ્ટ્રાકરિક્યુલર ઍક્ટિવિટીમાં પણ બાળકો પારંગત બને એ માટે ખાસ શિક્ષકો છે.

## એમ. એમ. પ્યુપિલ્સ ઓન સ્કૂલ ઍન્ડ શારદા મંદિર, ખાર

રાગિણી, ટીના મુનીમ, ફાલ્ગુની પાઠક, કિરીટ સોમૈયા જેવી હસ્તીઓ જે શાળામાં ભણી છે એ શાળા આજે પણ પોતાના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટેના અવિરત પ્રયાસ કરી રહી છે. આ શાળાનાં પ્રિન્સિપાલ રશ્મિકા જોષી કહે છે, ‘બાયોમીડિયા સ્કૂલ હોવાથી વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ સામાન્ય રીતે પણ સારું જ હોય છે. એમાં પણ અમે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ સાધનસામગ્રીથી સંપન્ન ટેક્નિકલ સેક્શન રાખ્યું છે અને સાથે જ તેમના ફયુચર પ્લાનિંગ અનુસાર વિદ્યાર્થીઓને આઠમા ધોરણથી જ એને લગતી ટ્રેઈનિંગ મળે એવા પ્રયત્ન કરીએ છીએ. બીજું, અમારા શિક્ષકોની પણ આધુનિક ફેરફાર સંદર્ભે નિયમિત ટ્રેઈનિંગ ચાલતી રહે છે અને એ લોકો પણ વિદ્યાર્થીઓની સમસ્યાના સમાધાન થાય એ માટે સતત સજાગ રહે છે. સ્કૂલની ક્રિકેટટુર્નામેન્ટ થાય છે જેમાં છોકરીઓની પણ ટીમ હોય છે. ફુટબૉલ, વૉલીબૉલ જેવા સ્પોર્ટ્સ ઉપરાંત લગોરી, કબડ્ડી જેવી પરંપરાગત રમતો પણ રમાડીએ છીએ. એજયુકેશનલ ટ્રિપ, પર્સનલિટી ડેવલપમેન્ટના સેમિનાર વગેરે કરીને તેમના સવાર્ંગી વિકાસ માટે પ્રયત્ન કરીએ છીએ જેમાં સંચાલકોનો સંપૂર્ણ સહકાર હોય છે. બીજું, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ બધી રીતે સ્કૂલને આજે પણ સહકાર આપે છે. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને માત્ર સ્કૂલમાં હોય ત્યારે જ નહીં, એ પત્યા પછી વધુ અભ્યાસ માટે આર્થિક સહાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આપી રહ્યા છે.

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનાં વખાણ કરતાં પોતાના જાતઅનુભવ ટાંકતાં રશ્મિકાબહેન કહે છે, ‘આજે લગભગ દરેક શાળામાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ બન્ને છે. એ સમયે બન્ને માધ્યમના વિદ્યાર્થીઓના વર્તનથી લઈને તેમની વિચારશક્તિ, ગ્રહણશક્તિ વગેરેનો અનુભવ થતો જ હોય છે. એમાં મેં જોયું છે અને ઘણા અંગ્રેજી માધ્યમના શિક્ષકોએ કહ્યું પણ છે કે તમારા વિદ્યાર્થીઓ પ્રમાણમાં વધુ શાંત અને શિસ્તબદ્ધ છે. એવા સેંકડો અનુભવો છે જેમાં સ્કૂલ પત્યાનાં વષોર્ પછી ટ્રેનમાં, શાકમાર્કેટમાં કે પછી કોઈ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મળી જાય તો તે સૌથી પહેલાં પગે લાગશે. આ સંસ્કાર અને આવી નમતા ગુજરાતી માધ્યમમાં મળેલું શિક્ષણ જ આપી શકે છે. ૨૭ વર્ષના જાતઅનુભવ પરથી આ તારણ મેં કાઢ્યું છે. બીજું, તેઓ સહેજ પણ પછાત નથી રહેતા, ભાષાને લગતી કોઈ મર્યાદા કે લઘુતાગ્રંથિ તેમની સાથે કાયમી નથી રહેતી એ પણ મેં જોયું છે.

# જગતે જેને 'ગાંડા' કહેલા એવા વૈજ્ઞાનિકોની અજાણી વાતો

*દરેક મહાન શોધની પાછળ એક મહાન વિચાર હોય છે, પણ જયાં સુધી એ વિચારોએ લીધેલું સ્વરૂપ સકસેસ ન થાય ત્યાં સુધી તેવા વિચારોની કદર થતી નથી. જેને સફળતા મળી તેના વિચારો મહાન ગણાયા અને બાકીના વિચારોને ધૂની અને પાગલ મગજની ઉપજ તરીકે ઈતિહાસમાં ખપાવી દેવામાં આવ્યા. વિજ્ઞાનજગતમાં પોતાની છાપ ઉભી કરવા જતા અમુક વિજ્ઞાનીઓ પાગલપનની બધી હદો વટાવી ગયા અને પરિણામે દુનિયાને તેમની 'પાગલપંતીનો શિકાર બનવું પડ્યું. પ્રસ્તુત લેખમાં પાગલોની લિસ્ટમાં સૌથી ટોપમાં મૂકી શકાય તેવા વિજ્ઞાનીઓની યાદી:*




## હેરી હાર્લો:

'પ્રેમ શું છે?તેનો જવાબ કવિઓથી લઈને પ્રેમીઓ, ઈતિહાસકારોથી લઈને મનોવિજ્ઞાનીઓએ આપવાનો પ્રયત્ન કર્યો છે છતાંય સવાલના જવાબો અને અર્થઘટનોનો કોઈ અંત આવ્યો જ નથી. આ જ સવાલ અમેરિકાના વિજ્ઞાની હેરી હાર્લોને નડ્યો અને તેણે વિજ્ઞાનિક ઢબે આનો જવાબ લાવાનો નિર્ણય કર્યો. તેણે સબ્જેક્ટ તરીકે વાંદરાઓના બચ્ચા અને માં ને પસંદ કર્યા. હજી સુધી વાંચવામાં 'હાઉ ક્યુટ લાગતું હોય તો આગળ વાંચો. પાગલ વિજ્ઞાની હેરી હાર્લોએ વાંદરીનો પોતાના બાળક માટે પ્રેમ સમજવા વાંદરીઓની આંખ સામે તેના બચ્ચાઓને ટોર્ચર કરવાનું શરૂ કર્યું. હાર્લોએ આ પ્રયોગ માટે જાતજાતનાં ઓજારો બનાવ્યાં હતાં, જેના વડે તે વાંદરાનાં બચ્ચાઓને મારતો, આંખોમાં સળીઓ નાખતો, મોંઢું છુંદી નાખતો, અને લોખંડના અણીદાર મુખોટા પહેરાવતો. માનો બચ્ચા પ્રત્યે પ્રેમ ચકાસવા તે બચ્ચાને એક એક વર્ષ સુધી ગુંગળામણ થાય તેવી નાની પેટીમાં પૂરી રાખતો. આખા પ્રયોગના અંતે તેણે જયારે રીઝલ્ટ ડિક્લેર કર્યું ત્યારે જવાબ ફક્ત આટલો હતો કે પ્રેમ શું છે? આખું વર્ષ પેટીમાં બંધ રહ્યા પછી જે ભાવના જન્મે તેનાથી વિરુદ્ધ ભાવના એટલે પ્રેમ! (પેટીમાં પુરાયેલા વાંદરાનાં બચ્ચાઓ માનસિક સંતુલન ગુમાવી ચુક્યાં હતાં અને ક્યારેય રીકવર ન થઇ શક્યાં હાર્લોની જેમ જ)

## જીઓવાની આલ્દિની:

૧૯મી સદીના ઇટાલીના મહાન વિજ્ઞાની લ્યુગી ગેલ્વાની જેમના નામ પરથી વિદ્યુતપ્રવાહથી ધાતુનો ઢોળ ચડાવાની પદ્ધતિ ગેલ્વેનાઇઝેશન ઓળખાય છે તેમના ભત્રીજા જીઓવાની આલ્દિનીએ તેમની ઇલેક્ટ્રિક પદ્ધતિને હજી એક પગલું આગળ લઇ જવાનો નિર્ણય કર્યો અને ઇલેક્ટ્રિક કરંટ વડે ધાતુઓ સાથે નહિ, મરેલા પશુપક્ષીઓના શવ સાથે ખેલ રમવા માંડ્યો. ઇલેક્ટ્રિક કરંટની શરીર પર કેવી અસર થાય છે અને તેનો આ અભ્યાસ મેડિકલ ક્ષેત્રે કેવી રીતે ઉપયોગી થઇ શકે તેના પાછળ જ આલ્દીનીએ પોતાની આખી જિંદગી ખર્ચી નાખી. આલ્દીનીના કામથી ખુશ થઈને ઓસ્ટ્રિયાના સમ્રાટે તેને 'નાઇટ ઓફ ક્રાઉન જેવા સર્વોચ્ચ બિરૂદથી સન્માન પણ કર્યું. પણ આલ્દિનીએ વિજ્ઞાનના નામ પર જે પાગલપંતીઓ તેણે કરી તેના કારણે આજે આલ્દિનીને આપણે આ લિસ્ટમાં મુકવો પડ્યો. આલ્દિની ઇલેક્ટ્રિક કરંટના પોતાના ખેલ બતાવવા આખા યુરોપમાં 'સાયન્સ સર્કસ કાઢતો. ખચોખચ ભરેલી મેદની સામે તે ગાય, ઘોડા, ઘેટાં, કૂતરા અને અમુક વખત તો માણસોના મૃતદેહ મૂકી તેમાં ઇલેક્ટ્રિક શોક આપતો અને મૃતદેહો હલવા લાગતા. આમ માનો જાણે કે કઠપૂતળીનો ખેલ બતાવતો હોય પણ કઠપૂતળીના બદલે ડેડ બોડીઝ લટકતી હોય!! જે લોકો આ ખેલ જોતા તેઓ ગાયનાં જડબાં હાલતાં જોતા, ઘોડાની આંખો પહોળી થતા અને કૂતરાની બોડી આમતેમ સળવળાટ કરતા જોતા, જેનાથી તેઓ ભય અનુભવતા, પણ એક ઉચ્ચતમ હોરર શો જોયો હોય તે રીતે પાછળથી વખાણ પણ કરતા. વર્ષ ૧૮૦૩ના જાન્યુઆરી મહિનામાં આલ્દિનીએ તેનો સૌથી પ્રખ્યાત પ્રયોગ કર્યો. સરકાર દ્વારા તેને જયોર્જ ફોસ્ટર નામના ગુનેગારની ડેડ બોડી આપવામાં આવી હતી જેને પોતાની પત્ની અને બાળકના ખૂનની સજા તરીકે હમણાં એક કલાક પહેલાં જ ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો હતો. આલ્દિનીએ જેવો જ જયોર્જ ફોસ્ટરની ડેડ બોડીને ઇલેક્ટ્રિક શોક આપવાનો શરૂ કર્યો તેની આંખો પટપટ થવા માંડી, જડબું ઉપર નીચે થવા માંડ્યું અને કપાળ પર ખેંચ આવવા લાગી. પબ્લિકે તો હજુ તાળીઓ પાડવાની શરુ કરી હતી ત્યાં તો આલ્દીનીએ એક ઇલેક્ટ્રિક રોડ લઈને જયોર્જ ફોસ્ટરની લાશના પૃષ્ઠભાગમાં નાખી દીધો અને આ સાથે જ આખો બોડી હલવા માંડી, હાથ પગ હવામાં એ રીતે હલવા માંડ્યા જાણે ડેડ બોડી ડાન્સ કરતી હોય. આ જોતા જ પબ્લિક ઉભી થઈને દોડવા માંડી અને ચીસાચીસ કરી મૂકી કે તેને પાછો ફાંસીએ ચડાવો તે જીવતો છે. પણ તે બધાની ગેરસમજ હતી. ડેડબોડી ફક્ત પાગલપનની હદ પણ વટાવી ચુકેલા આલ્દીનીના ઇલેક્ટ્રિક કરંટને કારણે હલી રહી હતી.

## હોઝ ડેલ્ગાડો:

યેલ યુનીવર્સીટીના પ્રોફેસર તરીકે નિમણુક ડો. ડેલ્ગાડો મગજ પર ઇલેક્ટ્રિક શોકની અસરનો અભ્યાસ કરી રહ્યો હતો. ભણવામાં પ્રતિભાશાળી એવા ડેલ્ગાડોને એક દિવસ ઇલેક્ટ્રિક ચીપ લોકોના મગજમાં ફીટ કરવાનો વિચાર આવ્યો જેનાથી તે સ્વિચ દબાવી લોકોના મગજ પર કાબુ મેળવી શકે! તેનો આ વિચાર સૌપ્રથમ તેણે પ્રાણીઓ પર અજમાવ્યો અને પશુઓના મગજમાં બ્રેઇન ચિપ્સ ફીટ કરવાની શરુઆત કરી. એક પ્રયોગમાં તેણે એક મહાકાય આખલાના મગજમાં ચીપ ફીટ કરી અને ભલ્લાલદેવની જેમ આખલાની સામે ઉભો રહી ગયો. જેવું આખલાએ ડેલ્ગાડો તરફ ગતી પકડી ત્યારે જ ડેલ્ગાડોએ સ્વિચ દબાવી આખલાને શાંત કરી દીધો અને અડધે રસ્તે જ રોકી લીધો. રીપોર્ટસ પ્રમાણે ડેલ્ગાડોના જીવનકાળ દરમિયાન તેણે ૨૫૩૦ માણસોના મગજમાં પણ પોતાની ચીપ ફીટ કરી હતી અને આખી દુનિયાના માણસોના મગજમાં ચીપ ફીટ કરી બેટમેન ફિલ્મોના વિલનની જેમ આખી દુનિયાના મગજ કન્ટ્રોલ કરવાનાં સપનાં સેવતો હતો.

## સગી બ્રયુઇનખોનેનકો:

આજે હાર્ટ સર્જરીના કારણે કેટલાય લોકોના જીવ બચી જાય છે પણ હાર્ટ સર્જરીનો પહેલોવહેલો વિચાર કરનાર રશિયાના સર્ગી બ્રયુઇનખોનેનકોએ ઓટોજેક્ટર નામનું કામચલાઉ ફેફસાં-હૃદયનું એક મશીન વિકસાવ્યું હતું. રશિયાની પહેલી ઓપન હાર્ટ સર્જરી પણ આ મશીન દ્વારા જ શક્ય બની હતી. અત્યાર સુધી વાંચવામાં એક હોશિયાર અને કાબેલ વિજ્ઞાનીના ગુણ ભલે દેખાતા હોય પણ આ મશીન વિકસાવવા માટે તેની કાર્યપદ્ધતિ ચકાસવી જરૂરી હતી અને તે ચકાસવા બ્રયુઇનખોનેનકોએ કુતરાઓ પસંદ કર્યા. બ્રયુઇનખોનેનકોની પ્રયોગશાળામાં હજારો કુતરાઓના મૃતદેહ જોવા મળતા કારણકે આ મશીન ચકાસવા જતા તેણે ન જાણે કેટલાય કુતરાઓનો ભોગ લીધો હતો. 'ડોગ્સ હેડકરીને ઈતિહાસમાં પ્રખ્યાત થઇ ગયેલો વિડીયો જે આજે પણ યુટ્યુબ પર જોઈ શકાય છે તે બ્રયુઇનખોનેનકોનો સૌથી કુખ્યાત પ્રયોગ હતો. વિડીયોમાં બ્રયુઇનખોનેનકોએ કુતરાનું માથું કાપીને ટેબલ પર મુક્યું છે અને પોતાના મશીન વડે તેણે જીવંત રાખ્યું છે. કુતરું એકદમ સામન્ય રીતે જોઈ રહ્યું છે જાણે એને ખબર ન હોય કે તેનું ધડ પાછળથી કપાઈ ગયું છે. લેબના કર્મચારીઓ કુતરાને ખવડાવે પણ છે જે ખોરાક તરત જ ગરદનમાંથી બહાર પડી જાય છે! ઈતિહાસકારોના મતે રશિયાના બ્રયુઇનખોનેનકોને વિજ્ઞાન કરતા વિકૃતિમાં વધારે રસ હતો અને તેના બદઈરાદાઓએ જ કેટલાય જીવનો ભોગ લીધો. ૧૯૪૦માં બ્રયુઇનખોનેનકોની ક્રુરતા પર એક હોલીવુડ ફિલ્મ પણ બની હતી.

## વિલિયમ બકલેન્ડ:

૧૯મી સદીના વિક્ટોરિયન અવશેષવિજ્ઞાની અને ભૂસ્તરશાસ્ત્રીને જમીન પર ચાલતા, પાણીમાં તરી શકતા અને હવામાં ઉડી શકતા દરેક જીવ ખાવાનો વિકૃત શોખ હતો. તેના ઘરે મહેમાનોને પણ તે શેકેલું ભૂંડ, ઉંદરનું ભડથું, તળેલી શાહુડી, શેકેલા છછુંદર, બાફેલી ગોકળગાય જેવી ચીતરી ચડનારી વાનગીઓ પીરસતો. ફ્રાન્સના રાજાનું મ્યુઝમમાં સાચવીને રખાયેલું હૃદય જયારે બકલેન્ડને બતાવવામાં આવ્યું ત્યારે તે એક જ સેકન્ડમાં તે ઝાપટી ગયો!! તેના ગાંડપણ વિષે આખો વિસ્તૃત લેખ અગાઉ આ કોલમ હેઠળ જ છપાઈ ચુક્યો છે.

## સ્ટબીન્સ ફર્થ:

૧૮મી સદીમાં યલો ફીવર જેવા ઝેરી તાવે કાળો કેર વરસાવ્યો હતો. સ્ટબીન્સ ફર્થ નામના ડોક્ટરે કેટલાય પેશન્ટ્સને સાજા કર્યા હતા. જે સમયે રોગચાળો ફાટી નીકળ્યો હતો એવા સમયે તે પોતાન જીવની ચિંતા ન કરતા દર્દીઓની સેવામાં જ રચ્યોપચ્યો રહેતો પણ કોણજાણે ક્યાં સમયે તેના મનમાં વાત પેસી ગયી કે યલો ફીવર ચેપી નથી હોતો. પોતે સાચો છે તે સાબિત કરવા તેણે પોતાના શરીર પર ઘા કર્યા અને તે ઘામાં યલો ફીવરથી પિડાતા દર્દીઓની ઉલટીઓ નાખી. આટલાથી તેણે ચેપ ન લાગ્યો એટલે તેણે ઉલટી પોતાના આંખમાં નાખી, ઉલટીને ગરમ કરી તેનો વાફ શ્વાસમાં લીધો અને આટલાથી પણ ન મેળ પડ્યો તો તે દર્દીઓની 'ઉલટી પી જવા માંડ્યો. છતાંય તેને પોતાને યલો ફીવરનો ચેપ ન લાગ્યો ત્યારે બડાશ મારી પોતાને સાચો ગણાવવા લાગ્યો. આજે આપણને ખબર છે કે યલો ફિવર ચેપી જ છે પણ તે મચ્છર મારફતે લોહીમાં ચેપ પ્રસાર કરે છે. તેના વાયરસ પીવાથી પેટ માર્ગે ચેપ ફેલાવી શકતા નથી.

## જોસેફ મેન્ગેલે:

હિટલરની નાઝી આર્મીના વડા ડોક્ટર તરીકે નિયુક્ત ડો. મેન્ગેલે દર્દીઓ પર વિકૃત પ્રયોગો કરવામાં ઈતિહાસમાં કુખ્યાત છે. નાઝી આર્મી જે કેદીઓ પકડી લાવતી તેમાંથી કોને ગોળી દઈને મારી નાખવા, કોને મજુરી કામ માટે જીવતા રાખવા અને કોના પર પ્રયોગશાળામાં એક્સપરીમેન્ટ કરવા તે નિર્ણયો લેવાની સત્તા મેન્ગેલે પાસે હતી. 'એન્જલ ઓફ ડેથ તરીકે ઓળખાતા મેન્ગેલેને જુડવા લોકો પર અભ્યાસ કરવાનો શોખ જાગ્યો હતો અને એટલે જ કેદીઓમાં પકડાતા દરેક જુડવા બાળકો, મહિલાઓ અને પુરુષોને સાઇડ પર કાઢી લેતો અને તેમના રક્તનો અભ્યાસ કરતો. અભ્યાસ પૂરો થયા પછી તે જુડવા બાળકોને મારી નાખતો અને તેમના મૃતદેહનો અભ્યાસ કરતો. કેટલીયેવાર જીવતા જોડિયા બાળકોને એકબીજા સાથે ટાંકા લઈને સીવી નાખતો. કેટલાય બાળકો તો સીવણકામના આ પ્રયોગથી જ લોહી વહી જતા મરી જતા. તે મોટાભાગના દર્દીઓ પર સર્જરી એનેસ્થેસિયા આપ્યા વગર કરતો જેથી દર્દીઓ ઓપરેશન વખતે દર્દથી કણસતા. એક વખત તે ઓપરેશન વખતે પેટમાંથી આંતરડા કાઢી રહ્યો હતો અને બીજા એક ઓપરેશનમાં એનેસ્થેસિયા આપ્યા વગર જ દર્દનું હૃદય કાઢી લીધું હતું.

**પોતાના સંશોધનમાં પાગલ બનીને સિદ્ધિઓ પર આજે પણ વિજ્ઞાન કામ કરે છે**

## જી.ડી.ગોએન્કા સ્કુલમાં વેસ્ટમાંથી બેસ્ટ ટ્રેનિંગ



શહેરના ન્યુ સિટીલાઈટ વિસ્તારમાં આવેલી જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે પ્રાઈમરી સેકશનના વિદ્યાર્થીઓ માટે શિક્ષકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ ચીજવસ્તુઓનું ક્રિએશન કરવા અંગે ટ્રેનિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ આ સેશન દરમિયાન તેમનામાં રહેલી રચનાત્મક શૈલીના દર્શન કરાવતા એક એકથી ચઢીયાતી ચીજવસ્તુઓની રચના કરી હતી.

## પ્રેસિડેન્સી સ્કુલના વિજ્ઞાન મેળાને પ્રો.કારીયાએ ખુલ્લો મૂક્યો



શહેરના અડાજણ વિસ્તારમાં આવેલી પ્રેસિડેન્સી સ્કુલમાં વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલા બે દિવસીય વિજ્ઞાન મેળાનું ઉદઘાટન સંસ્થાના ટ્રસ્ટી પ્રો. એન.એમ. કારીયાના હસ્તે કરાવવામાં આવ્યું હતું. ઉદઘાટન સમારોહ દરમિયાન પ્રો. કારીયાએ વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન મેળામાં પ્રદર્શિત કરવામાં આવેલી કૃતિઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને વિદ્યાર્થીઓને વધુને વધુ પ્રયોગો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## સિંધુ સેવા સમિતિ સ્કુલમાં સ્ટુડન્ટસ લિડર્સનો શપથ સમારોહ



શહેરના આનંદ મહલ રોડ પર આવેલી સિંધુ સેવા સમિતિ સંચાલિત શાળામાં વિતેલા પખવાડિયા દરમિયાન શાળામાં હેડ બોય અને હેડ ગર્લ તેમજ ચાર હાઉસ હેડ્સનો શપથ ગ્રહણ સમારોહ સંસ્થાના મેનેજમેન્ટના સભ્યોના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત શાળામાં ગુરુપૂર્ણિમા તેમજ લોકશાહી ઢબે ચૂંટણી જેવા કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

**શિક્ષણ સર્વદા આજે જ બંધાવો**

**સંપર્ક ૯૮૨૫૩ ૪૪૯૪૪**

સાંઈ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઈ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત-૧.

### આંખોની બાબતમાં બાંધછોડ હરગીઝ નહીં:

# ધો.૧૨ પીસીબી પછી ઓપ્ટોમેટ્રીના અભ્યાસ અને વ્યવસાય અંગેની એ ટુ ઝેડ માહિતી

માત્ર એક ઓપ્ટોમેટ્રીસ્ટ અથવા ઓપ્થેલમોલોજિસ્ટ દ્વારા તમારી કિંમતી આંખોની તપાસ કરાવો. દરેક શહેરમાં ઘણા ઑપ્ટિશીયન(ચશ્માવાળા) છે જે પોતાને આંખોના નિષ્ણાત તરીકે વર્ણાવે છે. તે વિશે ધ્યાન રાખો. તેઓ તમારી આંખોને તપાસી શકે નહી, અથવા લેન્સનું વિતરણ કરી શકતા નથી.જો તે થાય તો તે તમારી આંખોને નુકસાન કરી શકે છે.

### ઓપ્ટોમેટ્રીસ્ટ એટલે કોણ??

ઓપ્ટોમેટ્રી એ આઈ કેર સર્વિસીઝ, સ્વાસ્થ્યસંભાળ વ્યવસાય છે જે સ્વાયત્ત, શિક્ષિત અને નિયંત્રિત (લાઈસન્સ થયેલ/રજિસ્ટર્ડ) છે. ઓપ્ટોમેટ્રીસ્ટ આંખ અને વિઝ્યુઅલ સિસ્ટમના પ્રાથમિક હેલ્થકેર પ્રેક્ટીશનર્સ છે જે વ્યાપકપણે આંખ અને દ્રષ્ટિની સંભાળ પૂરી પાડે છે, જેમાં રિફ્રેક્શનનો સમાવેશ થાય છે, આંખમાં રોગનું નિદાન અને સંચાલન તેમજ ત્રાસી આંખ માટે કસરત અને બીજીં ઘણી સ્થિતીમાં માર્ગદર્શન આપી શકે છે.

સ્કૂલ પછી ૧૦ + ૨ ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે ૬૦ ટકા પરીણામ ધરાવતા વિદ્યાર્થીઓ એક વ્યાવસાયિક કાર્યક્રમમાં ૪ વર્ષ ભણતર મેળવે અને ઓપ્ટોમેટ્રી ડિગ્રી હાસીલ કરે છે. ઑપ્ટોમેટ્રી, ગ્રેજુએટ પછી કેટલાક ઓપ્ટૉમેટ્રિસ્ટને વધારાની તબીબી તાલીમ મળે છે. જેવી કે માસ્ટર ઓફ ઓપ્ટૉમેટ્રી, ફેલોસીપ ઈન ઓપ્ટૉમેટ્રી, ડૉકટર ઓફ ઓપ્ટૉમેટ્રી અને પી.એચડી..

### ઑપ્ટોમેટ્રીસ્ટની ભૂમિકાઓ :

૧) પ્રાથમીક આંખની તપાસ.
૨) નજીકના આંખના નંબર, દૂરના આંખના નંબર અને બેતાલા જેવી ખામીઓનુ નિવારણ.
૩) યોગ્ય ચશ્માનુ પ્રિસ્ક્રીપ્સન અને લેન્સનું નિરીક્ષણ અને તે વિષેનું માર્ગદર્શન આપે છે.
૪) નિમ્નદ્રષ્ટિ સહાય (લૉ વિઝન) અને દ્રષ્ટિ ઉપચાર (વિઝન થેરાપી) પૂરો પાડે છે.
૫) ઝામર, મોતિયા, મેક્યુલર ડિજનરેશન, ડાયાબિટીસ રેટિનૉપથી, અને કંજકટીવાઈટીસ અને બીજા ઘણી આંખોની વ્યાપક સ્થિતિઓનું નિદાન કરે છે.
૬) અમુક ચોક્કસ આંખની સ્થિતિઓ માટે દવાઓ લખી શકે છે. (વિશ્વના કેટલાક દેશોમાં).
૭) ઑપરેશન કરવાની જરૂર છે જ, તેવા લોકો માટે પ્રિ અથવા પોસ્ટઓપરેટીવ કેર સાથે સહાય કરે છે.

### ઑપ્ટોમેટ્રીસ્ટ કોણ નથી?

૧) ઓપ્ટીસિયન્સ (ઓપ્ટિશ્યન), ઓપ્ટોમેટ્રિસ્ટ નથી અને તે આંખની તપાસ કરી શકે નહી.
૨) ઓપ્ટોમેટ્રીમાં એક વર્ષ ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર અભ્યાસક્રમો.
૩) વિઝન ટેકનિશિયન એ ઑપ્ટોમેટ્રીસ્ટ નથી.
૪) ૨ વર્ષથી ઓછી ડિપ્લોમાં ઓપ્ટોમેટ્રી.

**નોંધઃ** ૨ વર્ષથી ઓછા ડિપ્લોમાં ઓપ્ટોમેટ્રીસ્ટ કરેલા ૧૨ વર્ષનુ પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા પ્રમાણપત્ર મેળવે છે. તેઓ લૅન્સની પ્રિસ્ક્રિપ્શનની તપાસ, ચશ્મા પૂરા પાડે છે, ચશ્મા રિપેર કરે અને નક્કી કરે કે કયા પ્રકારનાં લેન્સીસ અને ફ્રેમ શ્રેષ્ઠ કામ કરશે, ઓર્ડર અને ચશ્મા બરાબર છે કે નહી તેની તપાસ કરે છે.

### ધ્યાનમાં રાખવા જેવું:

ગેરકાનૂની પ્રેક્ટિસનરથી સાવચેત. માત્ર રજીસ્ટર્ડ ઓપ્ટોમિસ્ટ ની મુલાકાત લો.અત્યારે ઘણા અયોગ્ય વ્યક્તિ હેઠળ ઓપ્ટોમેટ્રિસ્ટ સ્વતંત્ર રીતે અથવા ઓપ્ટિકલ દુકાનોમાં અથવા હોસ્પિટલો/આંખ ક્લિનિક્સમાં કામ કરે છે એવો દાવો કરે છે. તમારી કિંમતી આંખોના સ્વાસ્થ્ય સાથે રમી રહેલા આવા કહેવાતા બિનયોગ્ય વ્યકિતઓથી વાકેફ રહો. જયારે તમે ઑપ્ટોમેટ્રિસ્સ્ટની મુલાકાત લો ત્યારે કૃપયા તેમના ઓપ્ટોમેટ્રી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અથવા ઈન્ડિયન ઓપ્ટોમેટ્રીક એસોસિએશન અથવા કોઈપણ સ્ટેટ ઓપ્ટોમેટ્રી એસોસિએશન દ્વારા જારી કરવામાં આવેલા તેમના રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર વિશે પૂછો.

## યુજીસી દ્વારા લેવાતી નેટમાં હવેથી ૬ ટકા ઉમેદવારોને લાયક ઠરાવાશે

રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓમાં લેક્ચરર અને પ્રોફેસર બનવા માટે યુજીસી દ્વારા નેટ એટલે કે નેશનલ એલિજીબિલિટી ટેસ્ટ લેવામાં આવે છે. આ ટેસ્ટમાં ગણતરીના વિદ્યાર્થીઓ પાસ થતાં હતા. હવે વર્ષમાં એક જ વખત આ પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી છે. જેના પગલે હવે પરીક્ષામાં ઉપસ્થિત રહેલા કુલ વિદ્યાર્થીઓમાંથી ૬ ટકા વિદ્યાર્થીઓને પાસ કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. કોલેજો અને યુનિવર્સિટીઓમાં લેક્ચરર, આસિ.પ્રોફેસર અને ફેલોશીપ માટે નેટ લેવામાં આવશે. અત્યાર સુધી વર્ષમાં બે વખત નેટ લેવાતી હતી. જેના પરિણામ ઓછા આવતાં હતી. પરીક્ષામાં ઉપસ્થિત રહેતા વિદ્યાર્થીઓ માટે ૩ થી ૪ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થતાં હતા. તાજેતરમાં આ મુદ્દે કેટલાક ઉમેદવારોએ કોર્ટમાં રીટ કરી હતી. રીટના પગલે હાઈકોર્ટે કેટલાક સુધારાઓ કરવાનો આદેશ કર્યો હતો. જે પ્રમાણે હવે હવે નેટ આપનારા કુલ ઉમેદવારોના ૬ ટકા ઉમેદવારોને કવોલિફાઈ એટલે કે લાયક જાહેર કરવામાં આવશે. અગાઉ લેવાયેલી પરીક્ષામાં જોઈએ તો જાન્યુઆરી ૨૦૧૭માં ૩.૯૯, જૂન ૨૦૧૫માં ૪.૮૩, ડિસેમ્બર ૨૦૧૫માં ૪.૯૬ ટકા ઉમેદવારોને લાયક ઠેરવવામાં આવ્યા હતા. હાઈકોર્ટના આદેશના પગલે નવેમ્બરમાં લેવાનારી નેટની પરીક્ષામાં ૬ ટકા ઉમેદવારોને કવોલિફાઈ એટલે કે લાયક ગણવામાં આવશે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા અગાઉ જુલાઈ અને ડિસેમ્બર એમ, બે વખત નેટની પરીક્ષા લેવાના બદલે માત્ર એક જ વખત પરીક્ષા લેવાની જાહેરાત કરી છે. હવે આગામી પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ દ્વારા નવેમ્બર માસમાં લેવામાં આવશે. જેના માટે વિદ્યાર્થીઓ તા.૧લી ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. તા.૧૯મી નવેમ્બરે નેટ લેવામાં આવશે. જો કે, વર્ષમાં એક જ વખત નેટ લેવાના નિર્ણયનો પણ ગુજરાત સહિત જુદા જુદા રાજયોમાં ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.

### અગાઉ ઓછા પરિણામના કારણે ગણતરીના ઉમેદવારો જ પાસ થતા હતા

### કેટલાક વિદ્યાર્થીઓએ કોર્ટમાં કરેલી રીટના પગલે યુજીસીએ કરેલો સુધારો

સ્થાપના પછી સંવર્ધનમાં લાલિયાવાડીઃ સેન્ટ્રલ યુનિ.ને કાયમી સરનામું મળતું નથીઃ જમીનના અભાવે ૨૦૦ કરોડની ગ્રાન્ટ જતી કરવી પડી

# સેન્ટ્રલ યુનિવર્સિટીને ૧૦ વર્ષથી જમીન મળતી નથી!

ગુજરાતમાં વર્ષ ૨૦૦૮-૦૯થી સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. સ્થાપનાના ૧૦ વર્ષ પૂરા થવાં છતાં હજુ સુધી સેન્ટ્રલ યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા પર્યાપ્ત ૫૦૦ એકર જમીન સંપાદન કરવામાં આવી નથી. જો ગુજરાતમાં જમીન ન જ મળવાની હોય તો સેન્ટ્રલ યુનિવર્સિટીને અન્ય રાજ્યમાં ટ્રાન્સફર કેમ ન કરવી? તેવો સવાલ પણ હવે પૂછાય રહ્યો છે. આઈઆઈટી, નાઈપર, જીટીયુ યુનિવર્સિટીને ગાંધીનગરની આસપાસ જ જમીન આપી દેવામાં આવી છે. પરંતુ સેન્ટ્રલ યુનિવર્સિટીને હજુ સુધી જમીન મળી નથી. જમીનના અભાવે યુનિવર્સિટીએ ૨૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ જતી કરવી પડી છે.

હાલમાં ફેદરા ખાતે જમીન ફાળવવાની સરકાર દ્વારા પ્રાથમિક તૈયારી દર્શાવવામાં આવી છે. જો ફેદરાની જમીન પણ કોઈ કારણોસર ન મળે તો હવે સેન્ટ્રલ યુનિવર્સિટીના અસ્તિત્વ માટે પ્રશ્નાર્થ ઉપસ્થિત થયો છે. વર્ષ ૨૦૦૯માં ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, આધુનિક અને ટેકનોલોજિકલ ચેલેન્જિસનો સામનો કરવા અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ટકી શકે તેવા યુવાનો તૈયાર કરવાના હેતુથી સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. સેન્ટર ઓફ એક્સેલન્સ બનવાના ઉદેશ્ય સાથે શરૂ કરાયેલી આ યુનિવર્સિટી છેલ્લા ૧૦ વર્ષથી 'કાયમી સ્થાન સરનામુ શોધી રહી છે. હાલમાં ગાંધીનગરના સેક્ટર ૨૯-૩૦માં આવેલા સર્વ શિક્ષા અભિયાનના બિલ્ડિંગમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ચલાવવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને સેન્ટ્રલ યુનિવર્સિટીની મંજૂરી આપી તેની સાથે જ એક્ટમાં કરાયેલી શરતોમાં યુનિવર્સિટી માટે જરૂરી તમામ સાધનસવલતો જેવી કે, જમીન, લાઇટપાણી સહિતની સગડવો જે તે રાજ્ય સરકારોએ આપવાની હોય છે.

સેન્ટ્રલ યુનિવર્સિટીની મંજૂરી લેવા માટે હાલમાં અનેક રાજ્યો લાઇનમાં છે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૯માં જ ગુજરાતને સેન્ટ્રલ યુનિવર્સિટીની મંજૂરી આપી દેવામાં આવી હતી. યુનિવર્સિટીની મંજૂરી મળ્યા બાદ રાજ્ય સરકારે અંદાજે ૫૦૦ એકર જેટલી જમીન યુનિવર્સિટીની સ્થાપના માટે આપવાની હોય છે. મહત્વની વાત એ છે કે છેલ્લા ૧૦ વર્ષથી સેન્ટ્રલ યુનિવર્સિટીને આ જમીન મળી નથી. રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં સાણંદ,બાકરોલ,ખંભાત, કુંડેલા વગેરે સ્થળોએ જમીન આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ અપૂરતી જમીન, ભવિષ્યમાં માળખાકીય સુવિધાઓ ન ઉભી થઇ શકે તેની મુશ્કેલી, સ્થાનિક અવ્યવસ્થા સહિતના સવાલોના કારણે આ જમીન યુનિવર્સિટી મળી શકી નથી. હાલમાં ફેદરા ખાતે ૨૮૮ એકર જમીન આપવાની તૈયારી દર્શાવવામાં આવી છે. આ જમીન સ્વીકારી શકાય તેમ છે કે નહીં તેની વાટાઘાટો ચાલી રહી છે. જો સરકાર દ્વારા આટલી જમીન આપવાની તૈયારી દર્શાવવામાં આવે તો પણ યુનિવર્સિટી સત્તાધીશો સ્વીકારવા તૈયાર છે. ગાંધીનગરમાં જમીન જોઇએ તો ૧૮૦૦ કરોડ રૂપિયા આપો! સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ આજસુધી યુનિવર્સિટી માટે પર્યાપ્ત જમીન મેળવવા સત્તાધીશો દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે.

જાણકારો કહે છે એક વખત સરકાર પાસે જમીન માંગવા ગયા ત્યારે ગાંધીનગરમાં જમીન જોઇએ તો ૧૮૦૦ કરોડ રૂપિયા આપવાની માંગણી કરવામાં આવી હતી. જે તે સમયે ગાંધીનગરની સત્તાધીશોએ એવું પણ કહ્યું હતુ કે, અદાણી કે અંબાણીને આ જમીન આપીએ તો ૧૮૦૦ કરોડ કરતાં પણ વધારે રૂપિયા મળી શકે તેમ છે. જો કે, સેન્ટ્રલ યુનિવર્સિટીના એક્ટમાં જમીન ખરીદવાની જોગવાઈ નથી. યુનિ.ને રાજકોટ સામે ધંધુકા-ધોળકા તરફ લઈ જવા ખેંચતાણ યુનિવર્સિટીના સૂત્રો કહે છે સેન્ટ્રલ યુનિવર્સિટીને જમીન ફાળવવી રાજકારણીઓ માટે ક્રેડિટ લેવાની બાબત છે. હાલમાં મુખ્યમંત્રી રાજકોટના હોવાથી રાજકોટમાં જમીન આપીને યુનિવર્સિટી ત્યાં લઇ જાય તેવી પણ શકયતા છે. જો કે, શિક્ષણમંત્રી આ યુનિવર્સિટીને ધંધૂકા અને ધોળકા પાસે લઇ જાય તેવી ચર્ચા ચાલી રહી છે. યુનિ.ને ગમે ત્યાં જમીન આપવા સરકાર તૈયાર છે રાજ્ય સરકાર સેન્ટ્રલ યુનિવર્સિટી ઇચ્છે તે જગ્યાએ જમીન આપવા તૈયાર છે. અત્યાર સુધીમાં યુનિવર્સિટીને જુદી જુદી જગ્યાએ જમીન આપવાની તૈયારી દર્શાવવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીને માફક આવતી નથી. આમછતાં યુનિવર્સિટી જયા ઇચ્છે ત્યા અને જેટલી જમીન ઇચ્છે તેટલી જમીન આપવા તૈયાર જ છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રી સેન્ટ્રલ યુનિવર્સિટીમાં કયા કયા કોર્સ ચાલે છે! રાજયની અન્ય યુનિવર્સિટીઓમાં ચલાતાં બી.એડ, સોશિયલ સાયન્સ, નેનો સાયન્સ વગેર ઉપરાંત પી.જી. કોર્સ જેવા કે જુદા જુદા વિષયોમાં એમ.એ., એમ.એડ., એમ.ફીલ. પીએચડી, વિદેશી ભાષા ઉપરાંત અનેક મહત્વા કોર્સ ચલાવવામાં આવે છે. આ તમામ કોર્સમાં ઓનલાઇન એન્ટ્રન્સ એક્ઝામથી પ્રવેશ આપવા ઉપરાંત માત્ર સામાન્ય ફીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. એટલુ જ નહીં, એમ.ફીલ અને પીએચડી જેવા કોર્સમાં વિદ્યાર્થીઓને ૫ હજારથી લઇને ૮ હજાર રૂપિયા સુધીની સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.

# ટ્યૂશનિયા 'અધ્યાપકોની સામે પગલાં મુદ્દે શિક્ષણ વિભાગ મૌન

ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં ટ્યુશન કરતાં શિક્ષકો પર કડક પગલાં લેવા માટે જુદી જુદી ટીમો બનાવીને કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. આશ્ચર્યની વાત એ કે માત્ર શાળાના શિક્ષકો જ નહી પરંતુ કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો પણ ખુલ્લેઆમ ટ્યૂશનો કરી રહ્યા છે. દરેક અધ્યાપકે દર મહિને પોતાની કોલેજના રજિસ્ટર્ડમાં 'હું ટ્યૂશન કરતો નથીતેવી બાંયેધરી આપવી પડે છે.

વાસ્તવિક્તા એ છે કે આજસુધી મોટાભાગના અધ્યાપકો ખોટી બાંયેધરી આપતાં રહે છે. આમછતાં હજુસુધી અધ્યાપકો સામે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. હાલમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ ટ્યૂશનિયા શિક્ષકો સામે કડક થયા છે તેજ રીતે ટ્યુશનિયા અધ્યાપકો સામે પણ પગલાં લેવામાં આવે તેવી માંગણી ઠવા પામી છે. સેમેસ્ટર સિસ્ટમના અમલ બાદ હાલ મોટાભાગની કોલેજોમાં નિયમિત વર્ગો લેવાતા નથી. સૂત્રો કહે છે વિદ્યાર્થીઓને ભણવામાં રસ નથી તેવા બહાના હેઠળ મોટાભાગની કોલેજોમાં વર્ગો ચલાવાતાં નથી. જે વિદ્યાર્થીઓને કોલેજમાં અભ્યાસ કરવામાં રસ નથી તેજ વિદ્યાર્થીઓ નિયમિત રીતે સાંજે બી.કોમ.ના ટ્યૂશન ક્લાસીસમાં જતાં હોય છે. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી મોટાભાગની કોમર્સ કોલેજના અનેક અધ્યાપકો નિયમિત રીતે ટ્યૂશન ક્લાસીસમાં વર્ગો લેવા જાય છે. કેટલાક અધ્યાપકોએ તો પોતે જ ટ્યૂશન ક્લાસીસો ખોલી દીધા છે. સરકાર દ્વારા શાળાના ટ્યૂશન કરતાં શિક્ષકો સામે કડક પગલાં લેવા ૯ જેટલી ટીમો બનાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. સૂત્રો કહે છે શિક્ષકો કરતાં ડબલ પગાર ધોરણો ધરાવતાં અધ્યાપકો પણ બેફામ અને ખુલ્લેઆમ ટ્યૂશનો કરી રહ્યા છે. અધ્યાપકોએ તો દર મહિને 'હું ટ્યૂશન કરતો નથી તેવી બાંયેધરી પણ આપવી પડે છે. છતાં બેરોકટોક ટ્યૂશનો કરી રહ્યા છે. પ્રિન્સિપાલો દર મહિને અધ્યાપકોની ખોટી બાંયધરી લઇને શિક્ષણ વિભાગને મોકલી આપે છે. વિભાગે આજસુધી અધ્યાપકોએ આપેલી બાંયધરી સાચી છે કે ખોટી તેની ચકાસણીની તસ્દી સુધ્ધા લીધી નથી.

અનેક અધ્યાપકોએ કોલેજ સામે જ ક્લાસિસ શરૂ કર્યા છે

## ઉન્નતિ ઇંગ્લિશ એકેડેમી ખાતે આઇ ચેક અપ કેમ્પ



શહેરના ઉમરા વિસ્તારમાં આવેલી ડી.આર. ઉમરીગર મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત ઉન્નતિ ઇંગ્લિશ એકેડેમી ખાતે વિતેલા પખવાડિયા દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ માટે આઇ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આઇ ચેક અપ કેમ્પને કારણે વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી આંખોની નાની મોટી તકલીફોનું તુરંત જ નિદાન થઇ શકે અને ભવિષ્યમાં તેમને મોટી તકલીફ ન ઉભી થાય તે આશયથી યોજાયેલા ચેક અપ કેમ્પને વાલીઓએ પણ બિરદાવ્યો હતો.

## જહાંગીરપુરા રેડિયન્ટ એકેડેમી-પીપી સવાણી સ્કુલમાં સેન્ડ રાઈટિંગ

શહેરના જહાંગીરાબાદ ખાતે આવેલા રેડિયન્ટ એકેડેમી તેમજ પીપી સવાણી વિદ્યાસંકુલમાં પ્રી પ્રાઇમરી વિભાગના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા રચનાત્મક કાર્યક્રમો અંતગર્ત વિતેલા પખવાડિયે સેન્ડ રાઇટિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમંદિરના વિદ્યાર્થીઓને આમેય રેતી, માટીમાં રમવાનો શોખ હોય, એ શોખની સાથે તેમનામાં શિક્ષણના પદાર્થ પાઠનું પણ સિંચન થઇ શકે તે માટે સેન્ડ રાઇટિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અનેક રચનાત્મક કાર્યક્રમો થકી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે.



## વિદ્યામંગલ ખાતે રોબોટિક્સ કેમ્પ યોજાયો



કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત કામરેજ નજીક ધોરણ પારડી ખાતે આવેલી વિદ્યામંગલ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને આધુનિક જગતમાં જેનો સાર્વત્રિક રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ રોબોટિક્સ વિષય પરત્વે રૂચી અને જાગૃતિ વધે તે માટે ખાસ રોબોટિક્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રોબોટિક્સ કેમ્પમાં વિદ્યાર્થીઓએ પોતાની વિચાર શક્તિની પ્રતિભા દેખાડતા જુદાજુદા મોડ્યુલ તૈયાર કર્યા હતા. કેટલાક વર્કિંગ મોડ્યુલ પણ વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા હતા. આ પ્રકારે વિદ્યામંગલ નિવાસી શાળામાં વિવિધ પ્રકારના ટ્રેનિંગ સેમિનાર્સનું નિયમિત રીતે આયોજન થતું રહે છે.

## કલા મહાકુંભમાં સ્વામીનારાયણ ગુરુકૂળના બાળકલાકારોનો ડંકો

શહેરના સિંગણપોર વિસ્તારમાં આવેલા શ્રી સ્વામીનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓએ તાજેતરમાં શહેરમાં યોજાયેલા કલા મહાકુંભમાં અનેક કેટેગરી અને સ્પર્ધાઓ જીતીને પોતાની શાળાનું નામ રોશન કર્યું હતું. ગુરુકુળના દર્શન લાલજીભાઈ રામાણીએ તબલા વાદનમાં પ્રથમ, સ્મીત શૈલેષભાઇ ધામીએ વાંસળી વાદનમાં પ્રથમ અને પ્રશાંત આકોલિયાએ ભજન ગાયનમાં દ્વિતિય ક્રમ હાંસલ કરીને શાળાનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત અનેક વિદ્યાર્થીઓએ જુદી ઇવેન્ટમાં ઉજળો દેખાવ કર્યો છે.



email : shikshansarvada@gmail.com

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

# શિક્ષણ સર્વદા

# ૧ થી ૧૫ ઓગસ્ટ ૨૦૧૭

its all about EDUCATION

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

# ૨૦૧૮થી પ્રાથમિક શિક્ષણમાં NCERTનાં પાઠ્ય-પુસ્તકો

## સરકારનો નિર્ણય: ત્રણ વર્ષમાં તબક્કાવાર બધા ધોરણોમાં તમામ પુસ્તકો એનસીઈઆરટીનાં થશે: પાઠ્ય પુસ્તક મંડળને ભાષાંતરની જવાબદારી

રાજયના વિદ્યાર્થીઓ અન્ય પરીક્ષાઓમાં પાછળ ન પડે તે માટે ગુજરાત સરકાર દ્વારા નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એન.સી.ઈ.આર.ટી.)ના પુસ્તકો અભ્યાસક્રમમાં લાવવા માટેની કવાયત હાથ ધરાઈ હતી. જે અન્વયે આગામી શૈક્ષણિક વર્ષના આરંભે, જૂન-૨૦૧૮થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી પ્રાથમિક સ્કૂલોમાં સેન્ટ્રલ બોર્ડે જેના પાઠ્યપુસ્તકો અપનાવ્યા છે એ નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશન એન્ડ રિસર્ચ ટેકનોલોજીના પુસ્તકો અભ્યાસક્રમમાં સમાવવાનો નિર્ણય લેવાયો છે. તબક્કાવાર ત્રણ વર્ષમાં ધોરણ૧થી ૮માં એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકો અમલમાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું છે. જૂન૨૦૧૮થી ધોરણ૧થી ૮માં ગણિત વિષય અને ધોરણ૬થી ૮માં વિજ્ઞાન વિષયના પુસ્તકો ગઈછઝના અભ્યાસક્રમ મુજબ ભણાવાશે. જયારે બાકીના પુસ્તકોનો તબક્કાવાર અમલ કરવામાં આવશે. રાજયમાં આવેલી સ્કૂલોમાં પણ એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકો અમલમાં આવે તે માટે સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં હવે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક સ્કૂલોમાં એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકો અમલીકૃત કરવા અંગે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ધોરણ૧થી ૮માં ગણિત વિષયના એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરાવીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮૧૯થી અમલમાં મુકવાનું નક્કી કરાયું છે. જયારે ધોરણ૬થી ૮માં વિજ્ઞાન વિષયના એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોનું ભાષાંતર કરાવીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં મુકવાના રહેશે. ધોરણ૧થી ૫માં પર્યાવરણ અને ધોરણ૬થી ૮માં સામાજિક વિજ્ઞાનમાં એન.સી.ઈ.આર.ટી. પેટર્ન મુજબના પુસ્તકો તૈયાર કરાવી જરૂર જમાય ત્યાં ગુજરાત સ્પેસિફિક વિષય વસ્તુઓનો સમાવેશ કરવાનો રહેશે તેમ પણ નક્કી કરાયું છે.

રાજયની પ્રવર્તમાન ભાષા શિક્ષણનીતિ મુજબ ધોરણ ૧થી ૮માં ગુજરાત રાજય શાળા પાઠ્ય પુસ્તક મંડળના ભાષાના પુસ્તકોનો અમલ કરવાનો રહેશે. કલા શિક્ષણ તેમજ યોગ અને શારીરિક શિક્ષણ માટે શિક્ષક આવૃત્તિ તથા વિદ્યાર્થી માટેના પાઠ્ય પુસ્તક પણ તૈયાર કરવાના રહેશે. આમ, ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન જેવા વિષયો માટે એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોનો અમલ કરવાનો રહેશે. જયારે ભાષા માટે પાઠ્ય પુસ્તક મંડળે નવા પુસ્તકો તૈયાર કરવાના રહેશે. આ પુસ્તકો માટે પાઠ્ય પુસ્તક મંડળે ભાષાંતર તથા પ્રિન્ટીંગની કાર્યવાહી કરવાની રહેશે. આમ, પ્રથમ વર્ષે એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ ૧, ધોરણ ૩ અને ધોરણ ૬ના તમામ પુસ્તકો એન.સી.ઈ.આર.ટી.ના અભ્યાસક્રમ મુજબના થઈ જશે. જયારે બાકીના ધોરણમાં માત્ર ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો એન.સી.ઈ.આર.ટી.ના અભ્યાસક્રમ મુજબના હશે. ત્યાર બાદના બે વર્ષમાં તબક્કાવાર અન્ય ધોરણોને પણ સમાવી લઈ એન.સી.ઈ.આર.ટી.ના અભ્યાસક્રમ મુજબના કરી દેવાશે.

ગણિતવિજ્ઞાન સિવાયનાં પુસ્તકોનો અમલ ક્યારથી? વર્ષ ધોરણ ૨૦૧૮-૧૯ ધો-૧, ધો-૩, ધો-૬ ૨૦૧૯-૨૦ ધો-૨, ધો-૪, ધો-૭ ૨૦૨૦-૨૧ ધો-૫, ધો-૮ ધો-૧૨માં પર્યાવરણનું પુસ્તક અલગથી ભણાવાશે

હાલમાં ગુજરાત રાજય શાળા પાઠ્ય પુસ્તક મંડળના ધોરણ-૧ અને ધોરણ-૨ના પુસ્તકોમાં પર્યાવરણનું પુસ્તક અલગથી ભણાવવામાં આવતું નથી. ધોરણ-૧ અને ધોરણ૨માં ભાષા અને ગણિતના પુસ્તકોમાં જ પર્યાવરણના પ્રકરણો આવરી લેવામાં આવતા હોય છે. આમ, ધોરણ-૧ અને ૨માં માત્ર બે જ પુસ્તકો જ ભણાવવામાં આવતા હતા. પરંતુ હવે જયારે એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોનો અમલ કરવામાં આવનાર છે ત્યારે ધોરણ૧ અને ધોરણ-૨માં પર્યાવરણનું પુસ્તક અલગથી તૈયાર કરવામાં આવશે. જેથી ધોરણ-૧ અને ધોરણ-૨ના વિદ્યાર્થીઓએ ભાષા અને ગણિત ઉપરાંત પર્યાવરણનું પુસ્તક પણ ભણાવાનું રહેશે.

ધો-૯ અને ધો-૧૦માં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં રાજયમાં હાલમાં ધોરણ૯ અને ધોરણ૧૦માં ૫૭ જેટલી સ્કૂલોમાં એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકો પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત અમલમાં મુકવામાં આવે છે. જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન એમ ચાર વિષયમાં ગઈછઝના પુસ્તકો ભણાવવામાં આવી રહ્યા છે. જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યા બાદ સરકાર દ્વારા પ્રાથમિકમાં પણ ગઈછઝના પુસ્તકોનો અમલ કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારબાદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં પણ એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકો અમલમાં મુકવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આમ, આગામી પાંચેક વર્ષમાં રાજયના તમામ ધોરણોમાં એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોથી જ અભ્યાસ થશે.

# ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ૧૮ વર્ષે ૬૦ ટકા સુધીનો વધારો

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની ફીમાં ૧૮ વર્ષે સરકાર દ્વારા ૬૦ ટકા સુધીનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. ગ્રાન્ટેડ સ્કૂલો મકાન ભાડા અને ઈતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે ફી વિકલ્પ પસંદ કરી શકતા હોય છે. જેથી ફી વિકલ્પ પસંદ કરનારી ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ૧૮ વર્ષ બાદ વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં ધોરણ-૯થી ૧૨ની માસિક ફી અને પ્રયોગશાળા ફીમાં વધારો કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા અગાઉ માસિક નિભાવ ગ્રાન્ટમાં સુધારો કર્યો હતો પરંતુ ફીના ધોરણનેમાં ફેરફાર કર્યો ન હોઈ આ બાબતે વિચારણા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા ૧૯૯૯માં ઠરાવ કરી રાજયની ગ્રાન્ટવાળી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મળતા મકાન ભાડા અને ઈતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પમાં સ્કૂલો ફી લઈ શકે તેવો વિકલ્પ આપવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૮માં માસિક ફી રૂ.૩૫, ધોરણ-૯માં રૂ. ૪૦, ધોરણ-૧૦માં રૂ. ૪૫, ધોરણ-૧૧માં રૂ. ૫૦ અને ધોરણ-૧૨માં રૂ. ૬૦ માસિક ફી નક્કી કરવામાં આવી હતી. ઉપરાંત સાયન્સમાં પ્રયોગશાળા ફી સત્ર દીઠ ધોરણ-૧૧ માટે રૂ. ૪૦ અને ધોરણ-૧૨ માટે રૂ. ૫૦ નક્કી કરાઈ હતી. દરમિયાન સરકાર દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોને અગાઉ ચુકવવામાં આવતી માસિક નિભાવ ગ્રાન્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો. પરંતુ વર્ગદીઠ ગ્રાન્ટની અવેજીમાં ફી વિકલ્પ પસંદ કરનારી સ્કૂલોના ફીના ધોરણનેમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો ન હતો.



રાજયમાં વર્તમાન મોંઘવારીને જોતા રાજયના કમિશનર ઓફ સ્કૂલ દ્વારા ૫ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ મળેલી કમિટીની બેઠકમાં ફી વધારા અંગે ભલામણ કરી હતી અને હાલના સંજોગોને જોતા ફી વધારો કરવો જોઈએ તેવી દરખાસ્ત કરી હતી. આ બાબત સરકાર સમક્ષ વિચારણા હેઠળ હતી અને તેની પર ચર્ચાના અંતે સરકાર દ્વારા ફી વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા તેઓને મળતા મકાન ભાડું અને ઈતર ખર્ચના વિકલ્પે લેવામાં આવતી ફીના ધોરણનેમાં સરકાર દ્વારા વધારો કરવામાં આવ્યો છે. જેમાં સરકારે ફીના ધોરણનેમાં ૫૦ ટકાથી લઈને ૬૦ ટકા સુધીનો જંગી વધારો આપ્યો છે. જોકે, આ વધારો ૧૮ વર્ષ પછી આપવામાં આવ્યો હોય હજુ પણ વધારો પુરતો ન હોવાનું ગ્રાન્ટેડ સ્કૂલ સંચાલકો માની રહ્યા છે. આ વધારા બાદ પણ હજુ ગ્રાન્ટેડ સ્કૂલોની માસિક ફી રૂ. ૧૦૦ને વટાવી શકી નથી. એટલે કે વાર્ષિક રૂ. ૧ હજાર કરતા પણ ઓછા ફીના દરો ગ્રાન્ટેડ સ્કૂલોમાં ચાલુ રહેશે. રાજય સરકાર દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોની માસિક ફી ઉપરાંત સાયન્સમાં પ્રયોગશાળાની ફીમાં પણ વધારો કર્યો છે. ધોરણ-૧૧ સાયન્સમાં પ્રયોગશાળા ફી સત્ર દીઠ રૂ. ૪૦ લેવાતી હતી તેમાં વધારો કરી રૂ. ૬૫ કરવામાં આવી છે.

આમ, ધોરણ-૧૧ સાયન્સની પ્રયોગશાળા ફીમાં ૬૩ ટકાનો વધારો કરાયો છે. જયારે ધોરણ-૧૨ સાયન્સમાં પ્રયોગશાળા ફી સત્ર દીઠ રૂ. ૨૫૦ લેવામાં આવતી હતી તેમાં વધારો કરીને રૂ. ૮૦ કરવામાં આવી છે. એટલે કે ૬૦ ટકાનો વધારો કરાયો છે. વાલીઓ પર વાર્ષિક મહત્તમ રૂ.૪૯૦નો વધારાનો બોજો પડશે ગ્રાન્ટેડ સ્કૂલોમાં કરવામાં આવેલા ફી વધારાના પગલે વાલીઓ પર વાર્ષિક મહત્તમ રૂ. ૪૯૦ સુધીનો વધારાનો બોજો પડશે. ધોરણ-૯માં અગાઉ વાર્ષિક રૂ. ૫૬૦ ફી લેવાતી હતી તેના બદલે હવે રૂ. ૮૪૦ ફી લેવાશે એટલે કે વાલીઓ પર રૂ. ૨૮૦નો વધારાનો બોજો પડશે. જયારે ધોરણ-૧૦માં અગાઉ વાર્ષિક ફી રૂ. ૬૩૦ હતી તે વધીને રૂ. ૯૮૦ થઈ છે, એટલે કે રૂ. ૩૫૦નો વધારો થયો છે. જયારે ધોરણ-૧૧માં અગાઉ વાર્ષિક ફી રૂ. ૭૦૦ હતી તે વધીને રૂ. ૧૧૨૦ થઈ છે એટલે કે રૂ. ૪૨૦નો વધારો થયો છે. ધોરણ-૧૨માં વાર્ષિક ફી રૂ. ૮૪૦ હતી તે વધીને રૂ. ૧૩૩૦ થઈ છે એટલે કે રૂ. ૪૯૦નો વધારો થયો છે.

**ફી વિકલ્પ પસંદ કરનારી સ્કૂલોની ફીમાં સરકાર દ્વારા વધારો કરવાનો નિર્ણય : ૧૮ વર્ષ બાદ વધારો કરાયો છતાં હજુ સ્કૂલોની માસિક ફી રૂ. ૧૦૦ કરતા ઓછી**

# એસ.ટી.માં કંડકટર પિતાની પુત્રી વિમાની પાઈલટ બની

**અહેવાલ: મહેન્દ્ર વેકરીયા (માહિતી ખાતું, સુરત: ગુજરાત સરકાર)**

મધ્યમ પરિવારની દિકરીનું પાયલોટ બનવાનું સ્વપ્ન રાજય સરકારના સહયોગથી શકય બન્યું છે. સૂરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા તળપદા કોળી પટેલ પરિવારની ઐશ્વર્યાને રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ આવતી સૂરત ખાતેની જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી દ્વારા કોમર્શીયલ પાયલોટ બનવા માટે રૂા.૨૫ લાખની લોન સહાયનો ચેક સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી આત્મારામ પરમારના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

'જેને ઉડવુ ગમે છે તેને ગગન મળી રહે છે તે બાબત ઐશ્વર્યાએ સાર્થક કરી છે. નાનપણથી જ પાયલોટ બનવાનું સ્વપ્ન સેવતી ઐશ્વર્યાએ કહ્યું કે, આકાશ પરથી વિમાનો પસાર થતા ત્યારે મને પણ મનમાં વિચારો આવતા કે હું પણ એક દિવસ વિમાન ચલાવીશ. માતાપિતાની સખત મહેનતના પરિણામે સફળતાના શિખરો સર કર્યા છે તેમ ઐશ્વર્યાએ હસતા હસતા કહ્યું હતું. માતા મિનાબેને કહ્યું કે, મારી દિકરીને નાનપણથી પાયલોટ બનવા ઈચ્છતી હતી. અમારા શ્રી પ્રવિણભાઈ ઓરણાવાલાએ પાયલોટ બનવા માટે વધુ પ્રેરણા આપી. પ્રવિણભાઈએ તેમના સંબંધી કેપ્ટન અમૃત માણેક પાસેથી પાયલોટ અંગેનું સપૂંર્ણ માર્ગદર્શન મેળવ્યું. જો કે, તેમણે પાયલોટ બનવા માટે માતબર ખર્ચનો અંદાજ પણ આપ્યો હતો. જે ખર્ચ અમારા પરિવારના ખર્ચની વાત નહોતી. એક સંબંધિએ કહ્યું કે, રાજય સરકાર તરફથી કોમર્શીયલ પાયલોટની તાલીમ યોજના અંતર્ગત રૂા.૨૫ લાખની લોન સહાય ચાર ટકાના દરે આપવામાં આવે છે. પછી તો અમોએ લોન માટે અરજી કરી હતી. જે આજે સાકાર થઈ છે.

ઐશ્વર્યા કહે છે કે, મે ૨૦૧૬ના વર્ષમાં ધો.૧૨ સાયન્સની પરીક્ષા આપ્યા બાદ દિલ્હી ખાતે પાયલોટ થિયરીકલ એકઝામની તૈયારી કરી હતી.. ત્યાર બાદ મહારાષ્ટ્રના શિવપુર ખાતે પાંચ મહિનાની પાયલોટની તાલીમ લીધી હતી. ટુંક સમયમાં સી.પી.એલ. લાયસન્સ પણ આવી જશે. શહેરની પાલનપુર પાટીયા ખાતેની સંસ્કાર ભારતી સ્કુલમાં અભ્યાસ કરીને આ દિકરીએ શાળા તથા પરિવારનું નામ રોશન કર્યું છે. એશ્વર્યાએ કહ્યું કે, મારા પિતા ગણપતભાઈ પટેલ એસ.ટી.માં કંડકટર તરીકે ફરજ બજાવે છે. ગણપતભાઈની બે દિકરીઓમાંની મોટી દિકરી ઐશ્વર્યાએ પિતાના સપનાઓ પણ સાકાર કર્યા છે. માતા શ્રીમતિ મીનાબેને કહ્યું કે, આજના સમયમાં છોકરીઓ દરેક ક્ષેત્રમાં છોકરાઓની સમકક્ષ કાર્ય કરી રહી છે. ત્યારે મે મારી દિકરીને પણ પાયલોટ બનાવવા માટે કોઈ કચાશ રાખી ન હતી. એશ્વર્યાએ કહ્યું કે, રાજય સરકાર દ્વારા અમારા જેવા મધ્યમ વર્ગના પરિવારની દિકરીઓને આટલી માતબર રકમ મળી છે જેના કારણે હું મારા સપનાઓને સર કર્યા છે જે બદલ આભાર વ્યકત કરૂ છું.

**તળપદા પટેલ પરિવારની દિકરી અને સંસ્કારભારતી વિદ્યાલયની વિદ્યાર્થીની ઐશ્વર્યા આકાશમાં ભરશે ઉડાન : એશ્વર્યાએ માતાપિતાના સ્વપ્નાઓ સાકાર કર્યા: રાજય સરકાર તરફથી રૂા.૨૫ લાખની માતબર લોન સહાય મળી: કોમર્શીયલ પાયલોટની તાલીમ લઈને એશ્વર્યાએ સમગ્ર સમાજનું નામ રોશન કર્યું:**

**SHIKSHAN SARVADA : Year : 10, Issue: 258,** Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.